dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year -08 | Issue-96 | AD - 2025, Paush Sud - 09 | Wednesday, Dt.08-01-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ભારત, નેપાળ, બાંગ્લાદેશ અને ભૂટાનના અનેક વિસ્તારોમાં પણ ભૂકંપના ઝટકા

# ભૂકંપથી તિબેટમાં ભારે નુકસાન : ૯૫ લોકોએ જીવ ગુમાવ્યા

નવીદિલ્હી,તા.૦૭

નેપાળની સરહદ નજીક તિબેટના પહાડી વિસ્તાર શિજાંગમાં મંગળવારે સવારે એક કલાકની અંદર ૬ જેટલા ભૂકંપ આવ્યા. જેમાં રિક્ટર સ્કેલ પર ૭.૧ની તીવ્રતાનો શક્તિશાળી ભૂકંપ પણ સામેલ હતો. ન્યૂઝ એજન્સી રોયટર્સના જણાવ્યાં મુજબ ભૂકંપના કારણે તિબેટમાં જાનમાલનું ભારે નુકસાન થયું છે. લગભગ ૯૫ લોકોના જીવ ગયા છે. ભૂકંપે તિબેટના શિગાત્સે શહેરમાં ભારે તબાહી મચાવી છે. અનેક ઈમારતો સહિત ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મોટા પાયે નુકસાન થયું છે.

નેપાળ સહિત ત્રણ દેશોમાં મંગળવારે સવાર સવારમાં ભૂકંપના ઝટકા મહેસૂસ થયા. નેપાળમાં ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૭.૧ની જોવા મળી હતી. બિહાર, સિક્કિમ, અસમ અને પશ્ચિમ બંગાળ સહિત ભારતના અનેક વિસ્તારોમાં ભૂકંપના ઝટકા મહેસૂસ થયા હતા. તિબેટના શિગાત્સે શહેરમાં પણ ૬.૮ની તીવ્રતાનો ભૂકંપ નોંધાયો હોવાનું મીડિયા રિપોર્ટસમાં જણાવવામાં આવ્યું છે.

ચીનની સરકારી એજન્સી સિન્હુઆએ જણાવ્યું છે કે શિજાંગ સ્વાયત્ત ક્ષેત્ર (તિબેટના શિગાત્સે શહેર)ના ડિંગરી કાઉન્ટીમાં આવેલા ૭.૧ની તીવ્રતાના ભૂકંપમાં ૯૫ લોકોના મોત થયા છે જ્યારે ૧૩૦ લોકો ઘાયલ થયા છે. ભારત, નેપાળ, બાંગ્લાદેશ અને ભૂટાનના અનેક વિસ્તારોમાં પણ ભૂકંપના ઝટકા મહેસૂસ થયા હતા.

ચીની મીડિયા મુજબ ભૂકંપના કેન્દ્ર પાસે અનેક ઈમારતો તૂટી પડી છે. ચીનના પબ્લિક બ્રોડકાસ્ટર સીસીટીવીએ કહ્યું કે, ડિંગરી કાઉન્ટી અને તેની આજુબાજુના વિસ્તારોમાં મોટા ઝટકા મહેસૂસ થયા અને ભૂકંપના કેન્દ્ર પાસે અનેક ઈમારતો તૂટી પડી. નેપાળની રાજધાની કાઠમંડુમાં ભારે ઝટકા મહેસૂસ થયા બાદ લોકો ઘરોમાંથી બહાર આવી ગયા હતા. કાઠમંડુની મીરા અધિકારીએ સમાચાર એજન્સી એએનઆઈને કહ્યું કે હું સૂતી હતી અને અચાનક




બેડ હલવા લાગ્યો. મને લાગ્યું કે મારું બાળક બેડ હલાવે છે. મે એટલું ધ્યાન ન આપ્યું. પરંતુ બારી હલતા મને લાગ્યું કે ભારે ભૂકંપ આવ્યો છે. હું જલદી બાળકને લઈને ઘરની બહાર ભાગી અને ખુલ્લા મેદાનમાં જતી રહી.

નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજીના જણાવ્યાં મુજબ ૭.૧ની તીવ્રતાનો પહેલો ભૂકંપ સ્થાનિક સમય મુજબ સવારે ૬.૩૫ વાગે નેપાળ-તિબેટ સરહદ પાસે શિજાંગમાં આવ્યો. આટલી તીવ્રતાનો ભૂકંપ શક્તિશાળી ગણાય છે અને ગંભીર નુકસાન પહોંચાડવા માટે સક્ષમ હોય છે. ચીની અધિકારીઓએ તિબેટના બીજા સૌથી મોટા શિગાત્સે શહેરમાં ભૂકંપની તીવ્રતા ૬.૮ નોંધી હતી. તે શિજાંગ ક્ષેત્રથી એક કલાકની અંદર ભૂકંપના ૫ વધુ ઝટકા મહેસૂસ થયા. જેની રિક્ટર સ્કેલ પર તીવ્રતા ૪.૭ અને ૪.૯ માપવામાં આવી હતી. ભૂકંપનું કેન્દ્ર ત્યાં હતું જ્યાં ભારત અને યુરેશિયાની ટેક્ટોનિક પ્લેટ અથડાય છે. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ જણાવ્યું હતું કે મંગળવારે સવારે તિબેટ ક્ષેત્રના જીજાંગમાં ભૂકંપ આવ્યો હતો. અહીં સવારે ૬:૩૦ વાગ્યે ૧૦ કિમીની ઊંડાઈએ ૭.૧ની તીવ્રતા સાથે ભૂકંપ આવ્યો હતો. આ પછી ૭:૦૨ વાગ્યે ૪.૭ની તીવ્રતાનો, ૦૭:૦૭ વાગ્યે ૪.૯ની તીવ્રતાનો અને ૭:૧૩ વાગ્યે પાંચની તીવ્રતાનો ધરતીકંપ આવ્યો હતો. જેના કારણે લોકો ઘર છોડીને ખુલ્લી જગ્યાઓ તરફ જતા રહ્યા હતા. બિહારના અનેક જિલ્લાઓ મોતિહારી, સમસ્તીપુર, દરભંગા, મધુબની, પૂર્ણિયા, સિવાન, અરરિયા, સુપૌલ અને મુઝફ્ફરપુરમાં સવારે ૬.૪૦ વાગ્યાની આસપાસ ભૂકંપના ઝટકા મહેસૂસ થયા હતા. માલ્દા સહિત બંગાળના કેટલાક ભાગો અને સિક્કિમમાં પણ ધરતી ધ્રુજી હતી. એવું કહેવાય છે કે પાંચ સેકન્ડ સુધી ધરતી ધ્રુજી હતી. લોકો ભૂકંપના ઝટકા મહેસૂસ થતા ડરીને ઘરમાંથી બહાર આવી ગયા હતાં અને નાસભાગ મચી ગઈ હતી.યુએસજીએસ અર્થક્વેક્સના જણાવ્યાં મુજબ નેપાળમાં ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૭.૧ની જોવા મળી હતી. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીના જણાવ્યાં મુજબ ભૂકંપનું કેન્દ્ર નેપાળ-તિબેટ સરહદ પાસે શિજાંગમાં હતું.




## કર્ણાટક, તમિલનાડુ, ગુજરાત પછી એચએમપીવી મહારાષ્ટ્રમાં પહોંચ્યો, નાગપુરમાં બે શંકાસ્પદ કેસ



(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૦૭

ચીનમાં ફેલાયેલા નવા માનવ મેટાપ્યુમોવાયરસે ભારતમાં દસ્તક આપી છે. કર્ણાટક, તમિલનાડુ, ગુજરાત બાદ હવે મહારાષ્ટ્રમાં પણ એચએમપીવી સંક્રમણનો કેસ નોંધાયો છે. નાગપુરમાં બે શંકાસ્પદ એચએમપીવી દર્દીઓની ઓળખ કરવામાં આવી છે. તેમની ઉંમર સાત અને ૧૩ વર્ષની હોવાનું કહેવાય છે.

આરોગ્ય નાયબ નિયામક શશિકાંત શંભારકરે જણાવ્યું હતું કે ખાનગી હોસ્પિટલમાં બાળકોનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. બંને દર્દીઓને સારવાર આપી ઘરે મોકલી દેવામાં આવ્યા છે. હવે આ બે શંકાસ્પદ દર્દીઓના રિપોર્ટ તપાસ માટે નાગપુરના એઈમ્સમાં મોકલવામાં આવ્યા છે. આ બધા વચ્ચે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જેપી નડ્ડાએ કહ્યું હતું કે, અમે સ્થિતિ પર નજર રાખી રહ્યા છીએ અને પાડોશી દેશોમાં વાયરસની સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે. તેમણે કહ્યું કે અમે તૈયાર છીએ, તમામ પગલાં લઈ રહ્યા છીએ, અમે તમામ પાસાઓ પર નજર રાખી રહ્યા છીએ. આ કોઈ નવો વાયરસ નથી, વાયરસની ઓળખ ૨૦૦૧માં જ થઈ હતી. તે શ્વાસ દ્વારા, હવા દ્વારા ફેલાય છે. તે તમામ વય જૂથના લોકોને અસર કરી શકે છે.










## હિમાચલમાં હિમવર્ષાના કારણે શીત લહેર, કેટલાક વિસ્તારોમાં વરસાદની આગાહી



(એચ.એસ.એલ),શિમલા,તા.૦૭

પહાડી વિસ્તારોમાં હિમવર્ષાના કારણે શીત લહેર યથાવત છે. તે જ સમયે, પર્વતીય રાજ્ય હિમાચલ પ્રદેશના ઊંચા શિખરો પર હિમવર્ષા ચાલુ છે. અટલ ટનલ અને લાહૌલ વેલી બરફથી ઢંકાયેલી છે. સોમવારે શિમલાના કુફરી, ફાગુ અને નારકંડા અને મનાલીમાં ભારે હિમવર્ષા થઈ હતી. જો કે, હિમવર્ષા બાદ મંગળવારે શિમલા અને મનાલી સહિત અન્ય પહાડી વિસ્તારોમાં સૂર્યપ્રકાશ જોવા મળ્યો હતો. હિમવર્ષા અને ધુમ્મસના કારણે વિસ્તારોમાં રહેતા લોકોના જનજીવનને અસર થઈ રહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ત્રણ દિવસ સુધી રાજ્યમાં હવામાન સ્વચ્છ રહી શકે છે. જો કે, આ સમયગાળા દરમિયાન વિભાગે ગાઢ ધુમ્મસને લઈને એલર્ટ જાહેર કર્યું છે. વિભાગના જણાવ્યા અનુસાર ૧૧ અને ૧૨ જાન્યુઆરીએ રાજ્યના ઉપરના વિસ્તારોમાં હિમવર્ષા સાથે વરસાદ થઈ શકે છે. આ સિવાય ૧૩મી જાન્યુઆરીએ ફરી એકવાર તડકો નીકળી શકે છે.






સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
બુધવાર, તા.૦૮-૦૧-૨૦૨૫

# અમરેલી એસ.સી-એસ.ટી સેલનાં ડીવાયએસપી તરીકે નયના ગોરડીયાની નિમણૂક કરાઈ



અમરેલી, તા.૦૭


અમરેલી એસ.સી.- એસ.ટી. સેલના નાયબ પોલીસ અધિક્ષકની ખાલી પડેલી જગ્યાએ નયના ભીમા ગોરડીયાની નિમણૂક કરવામાં આવી છે. તેઓ જામનગરમાં અજમાયશી નાયબ પોલીસ અધિક્ષક તરીકે સેવા આપતા હતા. ગુજરાતમાં ૩૭ ડીવાયએસપીને આજે પોસ્ટિંગ આપવામાં આવ્યું હતું. નાયબ પોલીસ અધિક્ષક (બિનહથિયારી), વર્ગ-૧ સંવર્ગમાં અજમાયશી ધોરણે નિમણૂક પામેલા ૨૦૧૭, ૨૦૨૧ અને ૨૦૨૨ની બેચના અધિકારીઓની તાલીમનો સમયગાળો પૂર્ણ થતાં તેમને નાયબ પોલીસ અધિક્ષક તરીકે નિમણૂક આપવામાં આવી હતી.

### પેઢીનાં માલિકે ભાડા પટ્ટે ચલાવનાર સામે ફરિયાદ નોંધવા કરી અરજી

# વડીયામાં ઓનલાઈન સેન્ટર પરથી લાઈટ બિલ ભર્યાની ડુપ્લીકેટ રસીદો આપવાનું કૌભાંડ પકડાયું

અમરેલી, તા.૦૭

અમરેલી જિલ્લાના છેવાડાના વડીયામાં પીજીવીસીએલ દ્વારા બાકી લાઈટ બિલની ઉઘરાણી કરાતા લોકોએ ઓનલાઈન સેન્ટર પર નાણાં ભર્યાની રસીદો આપી હતી. આ રસીદો ડુપ્લીકેટ હોવાનું જણાતા લાખો રૂપિયા ચાઉં થયાની ચર્ચા થઈ રહી છે. આ અંગે પીજીવીસીએલમાં ફરિયાદો મળી હતી. ઓનલાઈન સેન્ટર-દેસાઈ કન્સલ્ટન્સી નામની પેઢીના માલિક મયુર દેસાઈએ જણાવ્યા અનુસાર તેમની પેઢીની બીજી શાખા ભાડા પટ્ટે ચલાવવા આપવાનું નક્કી થયેલું હતું. આ અંગેનો લેખિત કરાર થાય તે અગાઉ આ સેન્ટર પર ૬/૧૧/૨૦૨૪થી કામગીરી શરુ કરતા પીજીવીસીએલના લાઈટ બિલના ૨૫૦ આસપાસ ગ્રાહકોના નાણાં લઈને તેમને ડુપ્લીકેટ રસીદો આપી હતી. પીજીવીસીએલ દ્વારા



આ બાબતે ગ્રાહકો પાસેથી લાઈટ બિલના નાણાંની ઉઘરાણી કરી હતી. સમગ્ર મામલો દેસાઈ કન્સલ્ટન્સીને જાણમાં આવતા તપાસ કરી તો અનેક લોકો તેનો ભોગ બન્યા હોવાનું સામે આવ્યું હતું. બિલ ઉપરાંત ઓનલાઈન મની ટ્રાન્સફર બાબતે પણ ઘણા લોકો ભોગ બન્યા હતા. હાલ ૪ થી ૫ લાખ સુધીના આવા બિલિંગ સામે આવતા જોવા મળ્યા છે અને હજુ લોકો સામે આવી રહ્યા છે. આ બાબતે દેસાઈ કન્સલ્ટન્સી માલિકે જેમણે આ નાણા ઉઘરાવ્યા છે તેમની સામે વડીયા પોલીસમાં ગુનો નોંધવા લેખિતમાં રજૂઆત કરી હતી. આ સાથે જિલ્લા પોલીસ વડા અને પીજીવીસીએલ તંત્રને આવી ડુપ્લીકેટ રસીદ બનાવનાર શખ્સ સામે ગુનો દાખલ કરવા વિનંતી કરી છે.

આ ઘટનાની જાણ થોડા સમય પહેલા જ મને થઈ છે. આ અંગે એક ગ્રાહક થોડા દિવસ પહેલા મારી પાસે આવ્યા હતા અને પૈસા જમા ન થવા બાબતની રજૂઆત કરી હતી. પરંતુ પાછળથી આ જ ગ્રાહકે પૈસા જમા થયા હોવાની વાત કરી હતી. સમગ્ર ઘટનામાં કાયદાકીય રીતે કાર્યવાહી કરવામાં આવશે.

**એમ.એમ.પટેલ- નાયબ ઈજનેર પીજીવીસીએલ-વડીયા**

# સાવરકુંડલામાં માધવાણીની વાડીમાં કડબ ભરેલા વાહનમાં આગ લાગી



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા, તા.૦૭

સાવરકુંડલામાં શિવાજીનગર માધવાણીની વાડીમાં નીરણ ભરેલા વાહનમાં આગ લાગી હતી. જે અંગે અમિતભાઈ પંડ્યાએ ફોન કરતા તાત્કાલિક વોર્ડ કાઉન્સિલર અજયભાઈ ખુમાણ, પ્રવીણભાઈ સાવજ ફાયર ફાઈટર લઈને આવી ગયા હતા અને નગરપાલિકાના જાગૃત પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદીએ ફાયર બ્રિગેડને જાણ કરતા મોટી નુકસાની થતા બચી ગઈ હતી.

# સાવરકુંડલામાં સ્વામિનારાયણ ગુરુકુળમાં નવસર્જન વાર્ષિકોત્સવની ભવ્ય ઉજવણી

સાવરકુંડલા, તા.૦૭

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સાવરકુંડલા દ્વારા શાળાના વિવિધ સોપાનો દ્વારા નવસર્જન વાર્ષિકોત્સવ સાંસ્કૃતિક કાર્યક્રમ તારીખ ૦૪/૦૧ને શનિવારનાં રોજ ગુરૂકુળના પટાંગણમાં ધમાકેદાર રીતે ઊજવવામાં આવ્યો હતો. આ વાર્ષિકોત્સવ સાંસ્કૃતિક કાર્યક્રમમાં સાવરકુંડલા-લીલીયા પંથકના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, સાવરકુંડલા નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, પ્રવિણભાઈ સાવજ, શહેર ભાજપ પ્રમુખ અનિરુદ્ધભાઈ, શરદભાઈ પંડ્યા, જીવણભાઈ વેકરીયા, અમદાવાદથી પધારેલા નરેન્દ્રભાઈ પોપટલાલ મહેતા



ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે સંતોમાં ગઢપુરથી વિષ્ણુ પ્રસાદદાસજી સ્વામી, મુકુંદપ્રસાદ સ્વામી, અનિલ ભગત, સ્વામિનારાયણ મંદિર સાવરકુંડલાના ઊર્જીત પ્રકાશ દાસજી સ્વામી, માંગરોળથી પધારેલા કોઠારી સ્વામી, પૂર્ણપ્રકાશ દાસજી સ્વામી, શાસ્ત્રી પ્રેમસ્વરૂપ દાસજી સ્વામી તેમજ સાવરકુંડલા કબીર ટેકરીના મહંત નારણદાસ બાપુ, કુંડળ પુરનાં કરશન ગિરિ બાપુ, રામાનંદ ગુરૂકુળના ઘનશ્યામ બાપુ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# ડેડકડી પ્રાથમિક શાળાની કૃતિ વિજ્ઞાન મેળામાં જિલ્લા કક્ષાએ પ્રથમ આવી



સાવરકુંડલા, તા.૦૭

GCERT ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ તાલીમ ભવન આયોજિત જિલ્લા કક્ષાના વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિભાગ - ૨ માં સ્માર્ટ ટ્રાંસ્પોર્ટેશનમાં જિલ્લા કક્ષાએ શ્રી ડેડકડી પ્રા. શાળા પ્રથમ આવી હતી. જેમાં બાળ વૈજ્ઞાનિકોને માર્ગદર્શન વિજ્ઞાન શિક્ષક બ્લોચ સમાબેન દ્વારા આપવામાં આવ્યું હતું. આ તકે શાળાના આચાર્ય, સીઆરસી મુસ્તાકભાઈ જાદવ, બીઆરસી વિપુલભાઈ દુધાત દ્વારા શાળા પરિવારને અભિનંદન આપ્યા હતા.

# સાવરકુંડલામાંથી સગીરાને અજાણ્યો શખ્સ ભગાડી ગયો

સાવરકુંડલા, તા.૦૭

સાવરકુંડલામાંથી એક સગીરાને અજાણ્યો ઈસમ બદકામના ઈરાદે ભગાડી ગયો હતો. બનાવ અંગે સગીરાની માતાએ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની સગીર વયની દીકરીને અજાણ્યો આરોપી લલચાવી, ફોસલાવી, બદકામના ઈરાદે તેના કાયદેસરના વાલીપણામાંથી ભગાડીને લઈ ગયો હતો. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પી.આઈ. પી.એલ. ચૌધરી વધુ તપાસ કરી રહ્યા છે.

# જિલ્લામાં ઉસ્થળેથી ૧૫ લીટર દેશી દારૂ પકડાયો

અમરેલી, તા.૦૭

અમરેલી જિલ્લામાં પોલીસે ત્રણ સ્થળેથી ૧૫ લીટર દેશી દારૂ ઝડપી લીધો હતો. વઢેરા ગામેથી ૫ લીટર, ઈંગોરાળા ગામેથી ૫ લીટર તથા ગોરડકા ગામેથી ૫ લીટર દેશી દારૂ મળ્યો હતો. જિલ્લામાંથી સાત ઈસમો કેફી પીણું પીને ફરતા મળી આવ્યા હતા.

# વાંકીયા ગામ પાસે અકસ્માતમાં એક યુવકનું કમકમાટીભર્યું મોત

ખાંભા, તા.૦૭

ખાંભા તાલુકાના વાંકીયા ગામ પાસે સર્જાયેલા અકસ્માતમાં એક યુવકનું કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. બનાવ અંગે જયસુખભાઈ રવજીભાઈ માળવીયા (ઉ.વ.૫૫)એ વિસાવદરમાં રહેતા અકીલભાઈ કાસમભાઈ શાહ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, મૃતક તેમની બાઈક લઈને ખેતરે જતા હતા ત્યારે ઈંગોરાળા ગામ તરફથી આવેલા આઈશર ચાલકે ટક્કર મારતાં ફંગોળાઈ ગયા હતા. જેથી શરીરે નાની મોટી ઈજા પહોંચતા ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું.




# રાજુલા તાલુકા સરપંચ એસોસિએશન દ્વારા નવા ભાજપ પ્રમુખોનું સન્માન

## પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડી સન્માન કરાયું




તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા, તા.૦૭

રાજુલા શહેરમાં તાલુકા પંચાયત ખાતે વિવિધ ગામના સરપંચો દ્વારા ભારતીય જનતા પક્ષના રાજુલા શહેર અને તાલુકાના નવનિયુક્ત પ્રમુખોનો સન્માન સમારંભ યોજાયો હતો. શહેર પ્રમુખ વનરાજભાઈ વરુ અને તાલુકા પ્રમુખ ધીરુભાઈ નકુમના સન્માન કાર્યક્રમનું આયોજન સરપંચ એસોસિએશનના પ્રમુખ મનુભાઈ ધાખડાએ કરેલ હતું. આ કાર્યક્રમમાં તાલુકાના તમામ સરપંચો ઉપસ્થિત રહ્યા હતા.







**મામલતદાર અને તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, લાઠી**

જન્મ/મરણ પરચુરણ અરજી નં. ૮૬ /૨૪ તા.૩૧/૧૨/૨૦૨૪

વિવાદી :- શ્રી ભારતીબેન w/o અશોકભાઈ મુની d/o રમકણીકલાલ મહેતા
રહે.શિહોર ઠે. શ્રીજી નિવાસ ઓમ પાર્ક - ૨ સોસાયટી. સ્ટેશન રોડ,
તા.શિહોર, જી.ભાવનગર મો.૭૫૬૭૧૧૦૭૮૯
c/o એન.ડી.વઢેળ ઠે. ધર્મશાળા શોપીંગ સેન્ટર, તાલુકા પંચાયતની
બાજુમાં તા.લાઠી મો.૮૩૪૭૦૭૭૧૯૧

**વિરૂધ્ધ**

પ્રતિવિવાદી :- **જન્મ મરણ નોંધણી અધિકારી-વ-તલાટી કમ મંત્રીશ્રી**
**મુ.દેરડી જાનબાઇ, તા.લાઠી,જિ.અમરેલી**

**// જાહેર નોટીસ //**
(મરણનાં દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના મોજે.દેરડી જાનભાઈ ગામે આ કામના અરજદારશ્રીના માતા શાંતાબેન રમણીકલાલ મહેતાનું મરણ તા.૧૫/૧૧/૧૯૯૭ ના રોજ દેરડી જાનબાઈ, તા.લાઠી, જિ.અમરેલી મુકામે થયેલ હોય જે તે સમયે તેમના મરણની નોંધ કરાવેલ ન હોય/મરણની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી મરણની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૪/૧૨/૨૪ થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૫/૨/૨૦૨૫ ના રોજ બપોરના ૩:૩૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**સહી,**
**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**



# મણીબા ગજેરા ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ-અમરેલી ખાતે સ્પોર્ટ્સ મહોત્સવ યોજાયો

અમરેલી, તા.૦૭



અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત મણીબા ગજેરા ઈન્સ્ટીટયુટ ઓફ નર્સિંગ કોલેજ-શ્રીમતી શાંતાબેન હરીભાઈ ગજેરા કેમ્પસ અમરેલી ખાતે ભવ્ય SPORTS MANIA નું આયોજન કરવામાં આવ્યું હતું. આ SPORTS MANIA માં ૪૫૦ થી પણ વધારે સ્ટુડન્ટ્સે ઉત્સાહથી ભાગ લીધો હતો. ઉપસ્થિત મહેમાનો દ્વારા મશાલ પ્રગટાવી SPORTS MANIA નો શુભારંભ કરવામાં આવ્યો હતો. જેમાં કબડ્ડી, ખો-ખો, રસ્સા ખેંચ, દોડ, લાંબી કુદ, ચેસ, ફોટોગ્રાફી, ફેશન શો, રંગોલી, ક્વીઝ ડાન્સ, મેમરી રીકોલ જેવી વિવિધ રમતોમાં સ્ટુડન્ટ્સે ભાગ લઈ આનંદ માણ્યો હતો. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાએ દરેક સ્ટુડન્ટ્સ સંસ્થાનું નામ રોશન કરે તેવી શુભેચ્છા પાઠવી હતી તથા મંત્રી ચતુરભાઈ ખુંટ, કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી, સી.પી. ગોડલીયા, HOD જીગ્નેશભાઈ વેકરીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# જાફરાબાદનાં બાબરકોટ નજીક ગેરકાયદેસર ખનીજ ચોરી કરતા ઈસમો પર તંત્રની ધોંસ

**લોકોનાં અવાજ બાદ જિલ્લાભરમાં ખનીજ ચોરો સામે કાર્યવાહી**

જાફરાબાદ, તા.૦૭



તસ્વીર : બાબુ વાઢેળ

અમરેલી જિલ્લામાં છેલ્લા કેટલાય સમયથી ભૂમાફિયાઓ બેફામ બન્યા છે અને બેરોકટોક ખનીજ ચોરી કરી રહ્યા છે. થોડા દિવસથી લોકોએ આ અંગે તંત્ર સામે અવાજ ઉઠાવતા જિલ્લાભરમાં ખાણ-ખનીજ વિભાગે દેખાડવા પુરતી કાર્યવાહી હાથ ધરી છે. જે અંતર્ગત જાફરાબાદ મામલતદારે ખનીજ ચોરી કરતા તત્વોને ઝડપી પાડવા ડ્રાઈવ યોજી હતી. ડ્રાઈવ દરમિયાન પાંચ ટ્રક ખનીજ ચોરી અને ઓવરલોડ અને સાત ટ્રેકટર સફેદ બેલા ભરેલા ઝડપાયા હતા. તમામ ૧૨ વાહનોને ઝડપી લઈ મામલતદારે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તંત્રની કામગીરીથી ભૂમાફિયાઓમાં ફફડાટ ફેલાયો છે અને આવી કાર્યવાહી વારંવાર થતી રહે તેવી લોકોમાંથી માંગ ઉઠી છે.

# લેટરકાંડ મુદ્દે પાયલ ગોટીને ન્યાય અપાવવા નારણ કાછડીયાની માંગ

અમરેલી,તા.૦૭



અમરેલી જિલ્લાનો લેટરકાંડ દિવસે ને દિવસે રાજકારણમાં ગરમાવો લાવતો જાય છે. આજે એક જ દિવસમાં ભાજપ અને કોંગ્રેસના બે દિગજજોએ દીકરીના ન્યાય માટે યોગ્ય તપાસ કરવાની માંગ કરી છે. કોંગ્રેસના પરેશભાઈ ધાનાણીની પ્રેસ બાદ પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયાએ નિવેદન જાહેર કર્યું છે કે આ દીકરીને ન્યાય અપાવો જોઈએ. આ દીકરીનું જાહેરમાં સરઘસ કાઢવું એ નિંદનીય બાબત કહેવાય અને પાર્ટીને પણ આ સમગ્ર ઘટનાથી નુકસાન થયું છે ત્યારે યોગ્ય તપાસ કરવાની માંગ છે. અમરેલી જિલ્લાનો આ લેટરકાંડ ગુજરાતમાં ટોક ઓફ ટાઉન બન્યો છે.

# રાજુલા બ્રહ્મેશ્વર મંદિરે ગોપી સત્સંગ મહિલા મંડળ દ્વારા ભાગવત કથાનું આયોજન

રાજુલા,તા.૦૭



તસવીર : ગોપાલ રાઠોડ

રાજુલા શહેરની બ્રાહ્મણ સોસાયટીમાં સ્થિત બ્રહ્મેશ્વર મહાદેવ મંદિર ખાતે શ્રી ગોપી સત્સંગ મહિલા મંડળ દ્વારા શ્રીમદ્ ભાગવત કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. તારીખ ૪ જાન્યુઆરી, ૨૦૨૫થી શરૂ થનારી આ કથા ૧૦ જાન્યુઆરી સુધી ચાલશે, જેમાં વક્તા તરીકે હિતેશ દાદા કથામૃતનું રસપાન કરાવશે. ગોપી સત્સંગ મહિલા મંડળ છેલ્લા પાંચ વર્ષથી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ કરી રહ્યું છે. ૨૫ બહેનોના આ મંડળ દ્વારા દર મહિનાની પૂનમ, અગિયારસ અને અમાસના દિવસે સાંજના સમયે સત્સંગનું આયોજન કરવામાં આવે છે. મંડળની બહેનો મંદિરની સાફ-સફાઈ, પક્ષીને ચણ નાખવી જેવી સેવાઓ પણ નિયમિત રીતે કરે છે. મંડળ દ્વારા સપ્તાહ દરમિયાન થતી નાણાકીય બચતમાંથી મંદિર પરિસરમાં બહેનો માટે સત્સંગ હોલ બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. મંડળ ભવિષ્યમાં પણ આવા અન્ય સેવાકીય કાર્યો કરવાનું આયોજન કરી રહ્યું છે. રાજુલા શહેરના તમામ ધર્મપ્રેમી નાગરિકોને આ શ્રીમદ્ ભાગવત કથામાં ઉપસ્થિત રહી કથામૃતનું રસપાન કરવા તેમજ મંડળની સેવાકીય પ્રવૃત્તિઓમાં સહભાગી થવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ગાધકડા ગામે કિશોરે ઉંદર મારવાનો પાવડર પીધો

સાવરકુંડલા, તા.૦૭

સાવરકુંડલાના ગાધકડા ગામે રહેતા એક કિશોરે અગમ્ય કારણોસર ઉંદર મારવાનો પાવડર પી લીધો હતો. રાઠોડભાઈ ભીખાભાઈ પરમાર (ઉ.વ.૫૦) એ જાહેર કર્યા મુજબ, તેમના ૧૬ વર્ષીય ભત્રીજાએ રહેણાંક મકાને અગમ્ય કારણોસર ઉંદર મારવાનો પાવડર પી લીધો હતો. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.એસ.સરવૈયા વધુ તપાસ કરી રહ્યા છે.

## અવસાન નોંધ

**બગસરા**

અસગરભાઈ ખાનભાઈ શામ (રૂ વાળા) તે રૂકશાનાબેન યુસુફભાઈ ધોરાજીના શોહર, તે મરહુમ રજબભાઈ, મરહુમ સૈફુદિનભાઈ, શીરીનબેન રાજકોટ, સફીયાબેન જામનગર, શકીમબેન કાલાવડ, વજીરાબેન મહુવા, રશીદાબેન નૈરોબી ના ભાઈ, તે મુરતુજાભાઈ તથા શબ્બીરભાઈના બાવાજી તા.૭/૦૧/૨૦૨૫ ને મંગળવારના રોજ બગસરા મુકામે વફાત થયા છે. તેમની ઝીયારતના સીપારા તા.૯-૧-૨૦૨૫ ને ગુરૂવારના રોજ સવારે ૧૧:૦૦ કલાકે વજીહી મસ્જીદ બગસરા મુકામે રાખેલ છે.


ફુલ ટાઈમ માટે ઓફિસ વર્ક માટે
લેડીઝની જરૂર છે.
વર્ક : ફાઈલિંગ તેમજ પરચુરણ વર્ક તેમજ કોમ્પ્યુટર ડેટા વર્ડ
(કોમ્પ્યુટર અને અંગ્રેજીનું સામાન્ય જ્ઞાન હોવું જરૂરી)
લાયકાત : ધો. ૧૦ પાસ કે તેનાથી વધારે
રિઝયુમ સાથે સવારે ૧૧:૦૦ થી ૧:૦૦ દરમિયાન રૂબરૂ મળો...
શ્રી સારથી નાગરિક શરાફી સહકારી મંડળી લી. અમરેલી.
દુ.નં.૧૦૬,૧૦૭, પહેલો માળ, હીરકબાગ શોપિંગ સેન્ટર, ભીડભંજન ચોક, અમરેલી. Mo. 99095 23338 | 98790 23338


**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૨૪/૨૦૨૫ તા.૦૪/૦૧/૨૦૨૫

અરજદારશ્રી:- .. ૧. સોહાગીયા સવિતાબેન ડાયાભાઈ
રહે. મુ.પીઠવડી.તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:-........ ૧. તલાટી કમ મંત્રીશ્રી પીઠવડી, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી **સોહાગીયા ગુલાબબેન ડાયાભાઇનો જન્મ તા.૦૮/૧૦/૧૯૮૨** ના રોજ મુ. પીઠવડી તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૧/૦૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાનાં હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.


આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.


વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૪/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**


શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY
HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી




ડાઈનિંગ ટેબલ, સોફા સેટ અને પીવીસી ફર્નિચરની વિશાળ રેન્જ હવે આપણા અમરેલીમાં એ પણ તદ્દન વ્યાજબી ભાવમા એકમાત્ર સ્થળે
શ્રી હરી પીવીસી ફર્નિચર
ચક્કરગઢ રોડ, હિરામોતી ચોક, બિનહરીફ દાબેલીની બાજુમા, અમરેલી
સંપર્ક:
9925084788
8200268079


**-//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૩૬૩/૨૦૨૫ તા.૦૫/૦૧/૨૦૨૫

અરજદારશ્રી:- .. ૧. નરેશભાઈ નાગજીભાઈ ગજેરા
રહે. વાશીયાળી તા.સાવરકુંડલા જી.અમરેલી

-//વિરૂધ્ધ//-

સામાવાળા:-........ ૧. તલાટી કમ મંત્રીશ્રી વાશીયાળી, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી **નરેશભાઇ નાગજીભાઇ ગજેરાનો જન્મ તા.૦૧/૦૬/૧૯૭૪** ના રોજ મુ. વાશીયાળી તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૧/૦૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાનાં હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૫/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી.**
**મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,**
**સાવરકુંડલા**


અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.
Raj Unisex Saloon Since:1996
• હેરકટ • ટેટ્ટુઝ
• કેરાટીન • શાઈનર
• હાઈલાઈટસ • નેલ આર્ટ
• સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા
• બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ
• નેનો પ્લાસ્ટી • હેર એકસટેન્શન
• હેર રીપ્લેસમેન્ટ
રાજ ફેમિલી સલૂન
ટ્રેનેડ બાય : જાવેદ હબીબ
એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778
ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.



નિત્યા સ્કીન કિલનીક
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર
ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation
ડો. જુહી ઠક્કર
M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત
કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ
ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફ્રેકચર તથા એક્સીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પધ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર
ડો. પ્રતિક પ્રજાપતિ
M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન
કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

**તંત્રી લેખ**

# કેનેડાના પીએમ પદે અનિતા આનંદ પણ ફેવરિટ

આખરે ભારત વિરોધી વલણ ધરાવતા કેનેડાના પીએમ trudo ને આપરાણે રાજીનામું આપવું પડ્યું. હવે કેનેડાના પ્રધાનમંત્રી કોણ બને તેની જોરદાર ચર્ચા યુરોપ, અમેરિકામાં ચાલી રહી છે ત્યારે કેનેડામાં ભારતીય પ્રતિનિધિત્વ કરતી અનિતા આનંદ પણ પીએમ પદની રેસમાં આગળ છે. આ ઉપરાંત ક્રિસ્ટ્રિયા ફ્રીલેન્ડ પણ પીએમ પદ માટે અગ્રસ્થાન ધરાવે છે. હવે લિબરલ પાર્ટી આગામી પીએમની પસંદગી માટે વિશેષ સંમેલન બોલાવશે. જેમાં પાર્ટીના નેતાઓ પોતાના દાવા રજૂ કરશે. હાલમાં નાણામંત્રી પદ છોડનાર ક્રિસ્ટિયા ફ્રીલેન્ડનું નામ મોખરે છે. ત્યારે વર્તમાન નાણામંત્રી ડોમિનિક લેબ્લેન્ક દાવેદાર છે. આ પછી પરિવહન મંત્રી અનિતા આનંદનું નામ પણ સામેલ છે. પૂર્વ સેન્ટ્રલ બેન્કર માર્ક કાર્ની પણ રેસમાં છે. પીએમ પદ પર છેલ્લા નવ વર્ષથી શાસન કરનાર કેનેડાના પીએમ દ્વારા સત્તા બચાવવા માટે ભારત પર કોઈપણ જાતના આધાર પુરાવા વગર આક્ષેપો કર્યા અને તેના કોઈ સચોટ પુરાવા તેઓ આપી શક્યા નહીં આથી વિશ્વ સમુદાયે તેનો વિરોધ કર્યો. ૨૦૨૩માં ખાલિસ્તાની આતંકવાદી હરદીપસિંહ નિજ્જરની હત્યામાં ભારતની સંડોવણીના આરોપો બાદ ભારત અને કેનેડા વચ્ચે તણાવ વધ્યો હતો. આ આરોપો કેનેડામાં ખાલિસ્તાની શીખ મતદારોના એક ભાગને આકર્ષવાનો પ્રયાસ છે. ભારતના રાજકારણીઓની જેમ જ કેનેડામાં પણ પોતાની વોટબેંકને બચાવવા માટે કોઈપણ હદે જઈ શકે છે તે કેનેડાના પીએમએ પુરવાર કર્યું. ખોટા અક્ષેપોને કારણે તેમણે ઘર આંગણે તેમજ પોતાની જ પાર્ટીના નેતાઓનો વિરોધનો સામનો કરવો પડ્યો આ પાછળનુ એક બીજું કારણ એ છે કે તેઓએ પોતાની નિષ્ફળતાને છુપાવવા માટે ભારત પર ખોટા આરોપો લગાવ્યા અને મોટા વિવાદો ઉભા કર્યા પરિણામે પોતાની નિષ્ફળતાને તે છુપાવી શકે બીજી બાજુ કેનેડાની કથળતી આર્થિક સ્થિતિ પણ આ માટે જવાબદાર છે. આ ઉપરાંત ૫૭ ટકા કેનેડિયન લોકો એમ ઈચ્છે છે કે પીએમ પદ પરથી તેઓ રાજીનામું આપે. ભારતની આમ આદમીની પાર્ટીની જેમ જ ટ્રુડોએ પણ મફતની રેવડી વેહેચવા માટે અને લોકોને પોતાના તરફ કરવા માટે ઘણા ધમપછાડા કર્યા જેમાં તેમણે કથળતા અર્થતંત્રને ભોગે અને મોંઘવારી વચ્ચે જસ્ટિન ટ્રુડોએ ૨ મહિનાના જીએસટી વેકેશનની જાહેરાત કરી છે. ટ્રુડો સરકારે આવશ્યક ચીજવસ્તુઓની યાદી પર ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી)માંથી બે મહિનાની મુક્તિની જાહેરાત કરી છે. જીએસટી મુક્તિનો અર્થ એ છે કે પાત્ર ઉત્પાદનો અને સેવાઓને બે મહિનાના સમયગાળા માટે ૫% ફેડરલ સેલ્સ ટેક્સમાંથી મુક્તિ આપવામાં આવશે. જેમાં તાજી પેદાશો, ડેરી, તૈયાર માલ, અનાજ, ડાયપર, બેબીફૂડ, પીણાં, ક્રિસમસ ટ્રી અને સજાવટનો સમાવેશ થાય છે. ૨૨ જૂન ૨૦૨૪ ના રોજ ટોરોન્ટોની પેટા ચૂંટણીમાં લિબરલ પાર્ટીને કારમી હારનો સામનો કરવો પડ્યો હતો જે ૧૯૯૩ થી તેમની પાર્ટીનો ગઢ છે. ભારત પરના ખોટા આરોપો લગાવ્યા પછી પીએમના રાજીનામાની માંગ તેજ થઈ ગઈ. આગામી ચૂંટણી લિબરલ પાર્ટી માટે પડકારરૂપ છે કારણ કે ટૃડોના નેતૃત્વમાં પાર્ટી અનેક પેટાચૂંટણી હારી ચૂકી છે. એબેક્સ ડેટાના સર્વે અનુસાર ૯૭% કેનેડિયાનો ઈચ્છે છે કે પીએમ રાજીનામું આપે. સર્વે દર્શાવે છે કે પીએમની લેબર પાર્ટીની લોકપ્રિયતામાં જબરો ઘટાડો થયો છે. ચાર વર્ષ પહેલા પાર્ટીની લોકપ્રિયતા ૪૫% હતી તે ઘટીને ૨૮% કરતા પણ ઓછી થઈ છે. ભારતમાં જે દશા કોંગ્રેસની થઈ છે તેવી દશા કેનેડામાં પીએમની પાર્ટીની થઈ છે. કેનેડામાં લિબરલ પાર્ટીના નેતા અને ૯ વર્ષથી પીએમ પદ સંભાળી રહેલા જસ્ટિન ટ્રુડોએ આખરે સોમવારે રાજીનામું આપી દીધું. પીએમ ટ્રુડો બુધવારે યોજનારી પાર્ટીની ફોક્સ મિટિંગ પહેલાં રાજીનામું આપી દીધું છે. પોતાની જ પાર્ટીથી અળગા થઈ રહેલા ટ્રુડો પર આરોપ લાગ્યો છે તેઓ કથળતી અર્થવ્યવસ્થા અને પોતાની જ પાર્ટીમાં વધી રહેલા અસંતોષ પરથી ધ્યાન હટાવવા માટે ભારત સામે પાયાવિહોણા આરોપો લગાવ્યા હતા. જસ્ટિન ટ્રુડોએ રાજીનામુ એવા સમયે આપ્યું છે જ્યારે ઓપિનિયન પોલમાં કન્ઝર્વેટિવ પાર્ટીને જોરદાર લીડ મળી છે.

# જાફરાબાદ નગરપાલિકામાં SC બેઠક ફાળવણી મુદ્દે કોંગ્રેસ અગ્રણીની ચૂંટણી પંચને રજૂઆત

જાફરાબાદ,તા.૦૭

જાફરાબાદ નગરપાલિકામાં નવી વોર્ડ બેઠક રચના અંતર્ગત જાહેર કરવામાં આવેલી સીટોની ફાળવણીમાં અનુસૂચિત જાતિને અન્યાય થયો હોવાનો મુદ્દો ઉઠ્યો છે. કોંગ્રેસના અગ્રણી ટીકુભાઈ વરુએ આ મામલે રાજ્ય ચૂંટણી પંચને રજૂઆત કરી છે. વરુએ જણાવ્યું કે જાફરાબાદ શહેરમાં અનુસૂચિત જાતિની નોંધપાત્ર વસ્તી હોવા છતાં તેમને કોઈ બેઠક ફાળવવામાં આવી નથી. તેમણે ધ્યાન દોર્યું કે જાફરાબાદ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં આદિજાતિની વસ્તી ન હોવા છતાં દરેક ગામમાં એક બેઠક આદિજાતિ માટે અનામત રાખવામાં આવી છે. વધુમાં, તેમણે જણાવ્યું કે વર્તમાન બેઠક ફાળવણી ૨૦૧૧ની વસ્તી ગણતરીના આધારે કરવામાં આવી છે. છેલ્લા ૧૫ વર્ષથી નવી વસ્તી



ગણતરી થઈ નથી અને જો આ વોર્ડ રચના મુજબ ચૂંટણી યોજાય તો આગામી પાંચ વર્ષ સહિત કુલ ૨૦ વર્ષ સુધી અનુસૂચિત જાતિને પ્રતિનિધિત્વથી વંચિત રહેવું પડશે. કોંગ્રેસ અગ્રણીએ આ બાબતને ભારતીય બંધારણના સિદ્ધાંતોની વિરુદ્ધ ગણાવી છે અને જાફરાબાદ નગરપાલિકામાં અનુસૂચિત જાતિ માટે તાત્કાલિક બેઠક ફાળવણીની માંગ કરી છે. તેમણે આરોપ મૂક્યો છે કે ભાજપ સરકાર જાણી જોઈને અનુસૂચિત વર્ગને અન્યાય કરી રહી છે.

# તું અહીંનો દાદો થઈ ગયો છે કહી છરી લઈ હુમલો

**સાવરકુંડલામાં દેવળા ગેઇટ પાસે બનાવ બન્યો**

સાવરકુંડલા, તા.૦૭

સાવરકુંડલામાં રહેતા એક યુવકને તું અહીંનો દાદો થઈ ગયો છે તેમ કહી એક શખ્સ જેમ ફાવે તેમ ગાળો આપી છરી લઈ મારવા દોડ્યો હતો. બનાવ અંગે સાગરભાઈ ભુપતભાઈ કવા (ઉ.વ.૨૪)એ અલ્તાફભાઈ ઉર્ફે ટકો ઉસ્માનભાઈ ઝાંખરા સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ ગેરેજ કામ કરતા હતા ત્યારે આરોપી આવી બેફામ ગાળો બોલતો હતો. જેથી તેને તું ગાળો શું કામ બોલે છે તેમ કહેતા તારાથી જે થાય તે કરી લેજે, તું અહીંનો દાદો થઈ ગયો છે તેમ કહી જેમ ફાવે તેમ ગાળો આપી છરી લઈ મારવા દોડ્યો હતો. તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.જે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં સોમનાથ-શિવ પ્રશંસા માટે દિપક ઠેકેદારનું સન્માન કરાયું

રાજુલા,તા.૦૭

રાજુલા ખાતે એક વિશેષ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સોમનાથ અને શિવની ૧૩૩ વાર પ્રશંસાની કામગીરી કરવા બદલ દિપક ઠેકેદારનું સન્માન કરવામાં આવ્યું હતું. વિશ્વ હિન્દુ પરિષદ રાજુલા, ચેમ્બર ઓફ કોમર્સ અને પત્રકાર મિત્રો દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ઠેકેદારને શ્યામની મૂર્તિ અર્પણ કરી તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું.



તસવીર : ગોપાલ રાઠોડ

# સાવરકુંડલામાંથી એલસીબી ટીમે ૧૬૭ બોટલ દારૂ ઝડપ્યો

સાવરકુંડલા, તા.૦૭

સાવરકુંડલામાંથી અમરેલી એલસીબી ટીમે રહેણાંક મકાનમાંથી ૧૬૭ બોટલ દારૂ ઝડપી પાડ્યો હતો. અરવિંદભાઈ દાનાભાઈ મહીડા તથા તુષારભાઈ ઉર્ફે ભુરો ગુણવંતભાઈ બગડાના રહેણાંક મકાનમાંથી ભારતીય બનાવટની વિદેશી દારૂની વિવિધ બ્રાંડની ૧૬૭ બોટલ મળી આવી હતી. પોલીસે ૪૬,૨૨૨ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.જે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે. આ સિવાય સાવરકુંડલામાં રહેતા શાહનવાજ ઉર્ફે ચાનો અશરફભાઈ પોપટીયા પાસેથી ભારતીય બનાવટના વિદેશી દારૂની ૧૧ બોટલ મળી આવી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ કિરણભાઈ બકુલભાઈ ગઢવી વધુ તપાસ કરી રહ્યા છે. ચાંદગઢ ગામેથી ૮ લીટર અને જાફરાબાદ સામાકાંઠામાંથી ૮ લીટર પીવાનો દેશી દારૂ મળ્યો હતો. જુના સાવર ગામેથી દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ હતી. પોલીસે ૭૨૩૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

# તેરા તુજકો અર્પણ: રાજુલા પોલીસે બે ગુમ થયેલા મોબાઈલ ફોન માલિકોને પરત કર્યા

**સર્વેલન્સ સ્કવોડના હેડ કોન્સ્ટેબલ મધુભાઈ નથુભાઈ પોપટ, મનુભાઈ રામભાઈની સફળ કામગીરી**

રાજુલા,તા.૦૭

ભાવનગર રેન્જના આઈ.જી. ગૌતમ પરમારની સૂચના મુજબ "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ અંતર્ગત રાજુલા પોલીસે મળી આવેલા બે મોબાઈલ ફોન તેમના મૂળ માલિકોને પરત કર્યા છે. રાજુલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર વી.એમ.કોલાદરાની સૂચનાથી આ કામગીરી હાથ ધરવામાં આવી હતી. ટેકનિકલ સોર્સની મદદથી પ્રથમ મોબાઈલ ફોન સુરેન્દ્રનગરના ગોહિલ જ્યોતિન ભૂપેન્દ્રભાઈનો હોવાનું જાણવા મળ્યું હતું. આ સફળ કામગીરીમાં રાજુલા પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કવોડના હેડ કોન્સ્ટેબલ મધુભાઈ નથુભાઈ પોપટ, મનુભાઈ રામભાઈ માંગાણીએ તપાસ કરી હતી.

# લાઠીમાં વેપારી સામે કોપી રાઈટ ભંગની ફરિયાદ નોંધાઈ

લાઠી, તા.૦૭

લાઠીમાં રહેતા એક વેપારી સામે કોપી રાઈટ ભંગની ફરિયાદ નોંધાઈ હતી. અમદાવાદમાં રહેતા આશીષભાઈ ગૌતમભાઈ ભટ્ટ (ઉ.વ.૪૦)એ લાઠીમાં રહેતા આશીષભાઈ મુકેશભાઈ અગ્રાવત (ઉ.વ.૩૧) સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમની દુકાનમાં સુપર કેસેટ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લીમીટેડ (ટી-સીરીઝ) કંપનીના હક્કોવાળી ફિલ્મોના ઓડિયો ગીતોનું બિન-અધિકૃત રીતે લાયસન્સ કે લેખિત પરવાનગી વગર પોતાના કોમ્પ્યુટર ઉપકરણોની મદદથી પ્રીવેડીંગ તથા લગ્ન પ્રસંગના વીડિયો શૂટિંગના વીડિયો ડેટામાં ઉપયોગ કર્યો હતો. તેમજ ડેટાનું બેકઅપ રાખતા હોઈ ટી-સીરીઝ કંપનીના કોપીરાઈટ હક્કોનું ઉલ્લંઘન થયું હતું. તેની પાસેથી આશરે રૂ. ૨૦,૦૦૦નો મુદ્દામાલ મળી આવ્યો હતો. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.કે. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# વિશ્વ વાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટ બગસરા દ્વારા મહિલા સશક્તિકરણની અનોખી પહેલ

બગસરા,તા.૦૭



તસવીર : હાર્દિક બામટા

વિશ્વ વાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટ બગસરા દ્વારા મહિલા મંડળની બહેનો માટે 'માવતરના ઘેર' નામક વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. તા. ૪ જાન્યુઆરીના રોજ આ કાર્યક્રમ અંતર્ગત બગસરા તાલુકાના જૂની હળિયાદ અને નવી હળિયાદ ગામની મહિલા મંડળની બહેનોને ઉના તાલુકાના દેલવાડા સ્થિત ગુપ્ત પ્રયાગ વૃદ્ધાશ્રમની મુલાકાતે લઈ જવામાં આવી હતી.


# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૮૦ | ૧૫૪૧ |
| ઘઉં લોકવન | ૬૦૧ | ૬૪૧ |
| ઘઉં ટુકડા | ૫૮૮ | ૬૬૬ |
| જુવાર સફેદ | ૭૮૫ | ૯૦૦ |
| જુવાર લાલ | ૮૦૦ | ૯૦૦ |
| જુવાર પીળી | ૩૦૦ | ૫૫૧ |
| બાજરી | ૪૫૦ | ૪૯૦ |
| તુવેર | ૧૨૫૦ | ૧૮૦૦ |
| ચણા પીળા | ૧૦૭૫ | ૧૨૫૦ |
| ચણા સફેદ | ૧૩૦૦ | ૨૬૪૦ |
| અડદ | ૧૦૫૦ | ૧૬૫૦ |
| મગ | ૧૨૫૦ | ૧૮૫૨ |
| વાલ દેશી | ૧૦૫૦ | ૧૬૭૬ |
| ચોળી | ૭૦૦ | ૨૩૦૦ |
| મઠ | ૯૫૦ | ૧૩૧૧ |
| કળથી | ૮૫૦ | ૯૬૧ |
| સીંગદાણા | ૧૨૫૫ | ૧૩૪૮ |
| મગફળી જાડી | ૮૮૦ | ૧૧૪૦ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૨૨૦ |
| તલી | ૧૯૫૦ | ૨૪૦૦ |
| એરંડા | ૧૧૬૦ | ૧૨૨૬ |
| અજમો | ૧૬૮૦ | ૧૮૯૦ |
| સુવા | ૧૨૬૫ | ૧૨૬૫ |
| સોયાબીન | ૭૭૫ | ૮૨૫ |
| સીંગફાડા | ૧૦૪૦ | ૧૨૮૦ |
| કાળા તલ | ૩૪૦૦ | ૪૯૧૦ |
| લસણ | ૧૯૬૦ | ૩૭૩૫ |
| ધાણા | ૯૧૫ | ૧૫૩૫ |
| મરચા સુકા | ૯૦૦ | ૨૫૦૦ |
| ધાણી | ૧૨૨૦ | ૧૬૬૦ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૪૯૫ |
| જીરૂ | ૪૧૩૦ | ૪૪૮૧ |
| રાય | ૧૦૫૦ | ૧૨૭૦ |
| મેથી | ૯૪૦ | ૧૨૫૦ |
| કલોંજી | ૩૫૭૪ | ૩૬૯૪ |
| રાયડો | ૯૮૦ | ૧૧૨૨ |
| ગુવારનું બી | ૯૯૫ | ૯૯૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૪૦૦ | ૯૦૦ |
| બટેટા | ૩૦૦ | ૭૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૫ | ૪૮૦ |
| ટમેટા | ૨૧૦ | ૪૨૦ |
| સુરણ | ૮૦૦ | ૧૦૦૦ |
| કોથમરી | ૧૦૦ | ૨૦૦ |
| મુળા | ૩૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૬૦ | ૧૨૦ |
| કોબીજ | ૪૦ | ૭૦ |
| ફલાવર | ૧૦૦ | ૨૦૦ |
| ભીંડો | ૫૫૦ | ૮૦૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૭૦૦ | ૧૦૦૦ |
| વાલોળ | ૧૫૦ | ૩૨૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૮૦૦ |
| દુધી | ૧૩૦ | ૨૧૦ |
| કારેલા | ૪૦૦ | ૬૫૦ |
| સરગવો | ૫૦૦ | ૧૩૦૦ |
| તુરીયા | ૯૦૦ | ૧૨૦૦ |
| પરવર | ૯૫૦ | ૧૧૫૦ |
| કાકડી | ૮૦૦ | ૧૩૦૦ |
| ગાજર | ૨૦૦ | ૩૬૦ |
| વટાણા | ૫૦૦ | ૭૫૦ |
| તુવેરસીંગ | ૪૦૦ | ૬૦૦ |
| ગલકા | ૩૦૦ | ૬૦૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| મેથી | ૧૧૦ | ૧૬૦ |
| વાલ | ૩૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૧૬૦ | ૨૭૦ |
| આદુ | ૭૩૦ | ૮૫૦ |
| ચણા લીલા | ૧૮૦ | ૫૦૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૮૦૦ |
| હળદર લીલી | ૬૦૦ | ૮૦૦ |
| લસણ લીલું | ૧૫૦૦ | ૨૪૫૦ |
| મકાઇ લીલી | ૨૪૦ | ૩૨૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૫૧ | ૧૧૧૯ |
| ગીરનાર શીંગ | ૧૦૭૨ | ૧૩૨૨ |
| શિંગ મોટી | ૮૪૫ | ૧૧૪૬ |
| શિંગ ફાડા | ૧૦૨૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૫૦૦ |
| તલ કાળા | ૨૪૨૫ | ૫૦૦૧ |
| તલ કાશ્મીરી | ૨૬૦૦ | ૨૯૦૧ |
| બાજરો | ૪૧૦ | ૬૨૦ |
| જુવાર | ૪૬૫ | ૮૫૬ |
| ઘઉં ટુકડા | ૫૪૨ | ૬૭૦ |
| ઘઉં લોકવન | ૫૬૬ | ૬૩૫ |
| મકાઇ | ૫૫૧ | ૫૫૧ |
| મગ | ૧૦૬૦ | ૧૭૨૬ |
| અડદ | ૯૨૦ | ૧૫૪૨ |
| ચણા | ૧૦૭૫ | ૧૨૭૭ |
| ચોળી | ૨૩૪૦ | ૨૩૪૦ |
| તુવેર | ૧૩૦૬ | ૧૬૦૦ |
| કપાસ | ૮૬૨ | ૧૪૭૯ |
| એરંડા | ૧૧૪૦ | ૧૨૦૩ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૪૦૦ |
| ધાણા | ૧૨૨૫ | ૧૪૪૫ |
| અજમા | ૨૨૬૦ | ૨૩૮૦ |
| મેથી | ૭૫૫ | ૧૦૬૯ |
| સોયાબીન | ૬૦૫ | ૮૩૧ |
| મરચા લાંબા | ૪૩૦ | ૩૦૨૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૪૦૦ | ૫૦૦ |
| રીંગણાં | ૧૨૦ | ૨૪૦ |
| ફુલાવર | ૯૦ | ૨૦૦ |
| કોબીજ | ૧૦૦ | ૨૦૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૫૦૦ |
| ટામેટા | ૨૦૦ | ૩૫૦ |
| સુરણ | ૯૦૦ | ૧૧૦૦ |
| ગાજર | ૩૦૦ | ૫૫૦ |
| દૂધી | ૧૦૦ | ૨૫૦ |
| કારેલા | ૭૦૦ | ૮૦૦ |
| ગલકા | ૩૨૦ | ૪૫૦ |
| મુળા | ૧૦૦ | ૨૪૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૬૦૦ | ૭૮૦ |
| વટાણાં | ૬૨૦ | ૭૨૦ |
| ચોળા લીલાં | ૪૨૦ | ૫૫૦ |
| તુરીયા | ૮૨૦ | ૧૨૨૦ |
| આમળા | ૪૮૦ | ૭૨૦ |
| ચણાં લીલા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૮૦૦ |
| હળદર લીલી | ૮૦૦ | ૯૦૦ |
| આદુ | ૭૨૦ | ૮૦૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૨૨૦ | ૩૦૦ |
| ફુદીનો | ૫૦૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૪૨૦ | ૫૦૦ |
| બીટ | ૨૦૦ | ૫૦૦ |
| તુવેર | ૪૦૦ | ૭૦૦ |
| સરગવો | ૧૦૦૦ | ૧૪૦૦ |
| લીમડો મીઠો | ૩૨૦ | ૩૪૦ |
| મરચા લીલા | ૪૪૦ | ૮૦૦ |
| મરચા લાલ | ૩૦૦ | ૯૦૦ |
| ડુંગળી લીલી | ૧૦૦ | ૩૬૦ |
| ડુંગળી સુકી | ૩૦૦ | ૪૮૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૩૦૫૦ |
| વાલ | ૭૦૦ | ૮૫૦ |
| મકાઇ | ૨૮૦ | ૪૦૦ |
| લીંબુ | ૮૦૦ | ૯૦૦ |
| પાલક | ૨૦૦ | ૨૪૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૫૦ | ૧૫૦૫ |
| મગફળી | ૯૨૫ | ૧૧૩૫ |
| જુવાર સફેદ | ૬૫૨ | ૬૫૨ |
| સોયાબીન | ૭૫૧ | ૭૫૧ |
| તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૯૮૦ | ૧૧૨૯ |
| મગફળી ૩૨ નં. | ૯૫૦ | ૧૦૭૫ |
| બાજરી હાઈબ્રીડ | ૪૫૦ | ૬૧૬ |
| ઘઉં | ૫૦૦ | ૬૬૨ |
| જુવાર | ૬૧૦ | ૮૪૮ |
| અડદ | ૧૨૦૦ | ૧૫૧૦ |
| મગ | ૧૨૫૦ | ૧૮૫૫ |
| ચણા | ૧૦૫૦ | ૧૨૫૪ |
| જા.તલ | ૨૬૦૦ | ૩૨૦૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૩૪૮ |
| તલ કાળા | ૩૩૦૦ | ૪૪૧૦ |
| સોયાબીન | ૭૭૦ | ૮૨૭ |
| કપાસ | ૧૩૭૦ | ૧૪૮૧ |
| **રાજુલા** | | |
| શીંગ | ૯૭૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૦૦૦ |
| તલ પીળા | ૨૫૦૧ | ૨૮૮૧ |
| કપાસ | ૧૨૯૬ | ૧૫૦૦ |
| બાજરો | ૪૫૨ | ૬૫૫ |
| ઘઉં ટુકડા | ૫૯૧ | ૬૮૫ |
| જુવાર | ૭૦૪ | ૮૯૦ |
| મગ | ૧૫૦૧ | ૨૩૦૦ |
| મઠ | ૧૧૨૦ | ૧૧૨૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૦૧ |
| તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ચણા | ૯૫૦ | ૧૨૭૫ |
| જીરૂ | ૩૯૦૨ | ૩૯૦૨ |
| સોયાબીન | ૭૫૧ | ૭૫૪ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૩૫૧ | ૧૫૨૦ |
| ઘઉં લોકવન | ૫૧૮ | ૬૪૨ |
| ઘઉં ટુકડા | ૫૭૫ | ૬૭૨ |
| મગફળી જીણી | ૭૨૧ | ૧૧૫૧ |
| સિંગદાણા જાડા | ૧૨૦૦ | ૧૩૧૧ |
| સિંગ ફાડીયા | ૯૮૧ | ૧૨૪૧ |
| એરંડા / એરંડી | ૧૧૨૧ | ૧૨૪૬ |
| જીરૂ | ૩૭૦૧ | ૪૫૩૧ |
| વરીયાળી | ૧૩૭૧ | ૧૩૭૧ |
| ધાણા | ૮૦૦ | ૧૭૯૧ |
| અડદ | ૧૧૧૧ | ૧૬૦૧ |
| મઠ | ૮૮૧ | ૯૨૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૮૫૧ |
| રાય | ૧૨૨૧ | ૧૨૨૧ |
| મેથી | ૭૦૦ | ૧૦૧૧ |
| કાંગ | ૫૦૦ | ૧૨૫૧ |
| મગફળી જાડી | ૬૧૧ | ૧૧૮૧ |
| સફેદ ચણા | ૧૨૦૦ | ૨૬૪૧ |
| તલ - તલી | ૧૭૫૧ | ૨૫૫૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૭૫૧ |
| ડુંગળી સફેદ | ૨૪૧ | ૪૨૬ |
| બાજરો | ૪૩૧ | ૫૮૧ |
| જુવાર | ૩૮૧ | ૮૯૧ |
| મગ | ૧૦૪૧ | ૧૮૧૧ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૪૬ |
| વાલ | ૪૦૧ | ૧૧૦૦ |
| ચોળા / ચોળી | ૭૦૧ | ૧૬૦૧ |
| સોયાબીન | ૭૧૦ | ૮૨૬ |
| કળથી | ૭૩૧ | ૭૩૧ |
| ગોગળી | ૭૫૧ | ૯૧૧ |
| વટાણા | ૨૯૦૧ | ૨૯૦૧ |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૭૭ |
| મગફળી | ૮૫૧ | ૧૦૦૬ |
| ઘઉં | ૫૯૧ | ૬૧૯ |
| ધાણા | ૧૪૧૦ | ૧૪૧૬ |
| તલ સફેદ | ૧૯૭૧ | ૧૯૭૧ |
| એરંડા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૩૦ | ૧૫૩૦ |
| કપાસ મીડીયમ | ૧૨૨૦ | ૧૩૯૦ |
| મગફળી જી ૨૦ | ૧૦૮૦ | ૧૧૫૦ |
| મગફળી બી.ટી | ૯૭૫ | ૧૦૫૧ |
| અડદ | ૧૧૫૦ | ૧૩૦૦ |
| ઘઉં | ૫૧૦ | ૬૦૦ |
| જીરૂ | ૪૧૦૦ | ૪૭૯૫ |
| ચણા | ૧૦૭૦ | ૧૧૭૫ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૦૭૧ |
| શીંગ મોટી | ૧૦૫૧ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૪૫ |
| તલ કાળા | ૪૩૮૦ | ૪૮૦૧ |
| જીરૂ | ૪૩૪૦ | ૪૪૦૧ |
| કપાસ | ૧૩૫૦ | ૧૫૦૨ |
| ઘઉં લોકવન | ૬૦૦ | ૬૪૩ |
| ઘઉં ટુકડા | ૬૨૦ | ૬૭૫ |
| બાજરો | --- | ૬૨૩ |
| જુવાર | --- | ૮૨૦ |
| અડદ | ૧૦૫૦ | ૧૩૨૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૨૦૨ |
| તુવેર | ૧૩૫૦ | ૧૬૫૧ |
| સોયાબીન | ૭૨૫ | ૮૦૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૨૯૩ | ૧૫૨૫ |
| કપાસ સી ગ્રેડ | ૧૦૦૦ | ૧૧૮૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૧૬ |
| ઘઉં | ૫૦૦ | ૬૨૬ |
| ચણા | ૮૦૧ | ૧૨૦૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૪૦૧ |
| મગફળી | ૭૦૦ | ૧૦૫૬ |
| શિંગફાડા | ૮૫૧ | ૧૧૧૬ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૨૫૧ |
| મેથી | ૮૦૦ | ૯૫૧ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૩૫૧ |
| ધાણા | ૧૦૦૧ | ૧૫૧૧ |
| સોયાબીન | ૬૫૦ | ૮૨૧ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૧૦૫૧ | ૧૧૯૨ |
| શીંગ ૩૨ | ૯૫૨ | ૧૦૭૨ |
| શીંગ ૩૯ | ૯૫૦ | ૧૧૭૧ |
| શીંગ જી-૨૦ | ૧૦૦૧ | ૧૧૫૮ |
| એરંડા | ૧૧૬૯ | ૧૧૬૯ |
| જુવાર | ૪૦૧ | ૯૩૯ |
| મગદેશી | ૧૯૬૦ | ૨૨૫૦ |
| ઘઉં ટુકડા | ૫૬૫ | ૬૯૦ |
| અડદ | ૯૦૦ | ૧૪૦૦ |
| બાજરી | ૫૫૧ | ૬૪૦ |
| સોયાબીન | ૭૮૧ | ૮૨૦ |
| ચણા | ૧૨૦૧ | ૧૪૦૦ |
| તલ સફેદ | ૧૭૪૧ | ૨૩૩૫ |
| તલ પુરબીયા | ૨૯૦૦ | ૩૧૭૨ |
| જીરૂ | ૩૮૭૦ | ૩૮૭૦ |
| ડુંગળી લાલ | ૧૫૦ | ૫૬૯ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૫૧૫ |
| કપાસ શંકર | ૧૨૦૧ | ૧૪૦૪ |
| નાળીયેર | ૫૪૦ | ૨૬૩૧ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૨૫ |
| જુવાર | ૫૦૦ | ૬૨૦ |
| બાજરો | ૪૬૦ | ૫૪૫ |
| ઘઉં | ૫૫૦ | ૬૬૦ |
| અડદ | ૧૩૦૦ | ૧૫૩૫ |
| મઠ | ૮૦૦ | ૯૦૦ |
| ચોળી | ૧૪૦૦ | ૨૫૦૦ |
| વાલ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ચણા | ૧૧૧૫ | ૧૨૩૬ |
| મગફળીજીણી | ૯૦૦ | ૧૩૫૦ |
| મગફળીજાડી | ૮૫૦ | ૧૧૦૫ |
| એરંડા | ૧૦૧૫ | ૧૨૦૦ |
| લસણ | ૨૦૦૦ | ૪૪૭૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૪૬૫ |
| અજમો | ૨૦૦૦ | ૫૨૩૦ |
| ધાણા | ૮૦૦ | ૧૪૨૫ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૫૦૦ |
| મરચા સુકા | ૫૦૦ | ૨૩૭૫ |
| સોયાબીન | ૭૯૦ | ૮૦૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૩૦૦ | ૧૫૧૭ |
| ઘઉં લોકવન | ૬૧૨ | ૬૨૨ |
| ઘઉં ટુકડા | ૫૯૨ | ૬૨૩ |
| તુવેર | ૧૦૨૦ | ૧૩૦૦ |
| સોયાબીન | ૫૩૫ | ૭૭૨ |
| મગફળી | ૮૦૦ | ૯૦૦ |
| ચણા | ૮૫૦ | ૧૨૦૦ |
| ધાણા | ૧૧૫૦ | ૧૪૮૦ |
| શીંગદાણા | ૧૦૮૦ | ૧૦૮૦ |
| અડદ | ૧૩૬૫ | ૧૪૧૨ |



લાગે તો તીર :- શું વાત કરે છે ? કોઈ મોટો દલ્લો બલ્લો હાથમાં આવ્યો કે શું?
06

# સાધુ-સંતો ભાગવત પર કેમ ભડક્યા ?



રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) હિન્દુઓના નહીં પણ ભાજપના હિતો સાચવે છે ?

ભારતમાં મુસ્લિમોના ધર્મસ્થાનો પરના દાવાની સંખ્યા કૂદકે ને ભૂસકે વધી રહી છે ત્યારે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના વડા મોહન ભાગવતે આપેલા નિવેદને મોટો બખેડો ખડો કરી દીધો. મોહન ભાગવતે હિન્દુઓને મુસ્લિમ ધર્મસ્થાનોના મુદ્દા નહીં ઉઠાવવાની સલાહ આપતાં કહ્યું કે, દેશમાં દરેક મસ્જિદ નીચે મંદિર શોધવાની જરૂર નથી. હિન્દુઓએ મંદિર-મસ્જિદના મુદ્દાને બાજુ પર મૂકી દેવાની જરૂર છે. અયોધ્યામાં રામ મંદિરના નિર્માણ પછી ઘણા લોકોને લાગે છે કે અયોધ્યાની બાબરી મસ્જિદ-રામ જન્મભૂમિ વિવાદ જેવા મુદ્દા ઉઠાવીને હિન્દુઓના નેતા બની શકાય છે પણ કોઈને ધાર્મિક મુદ્દા ભડકાવીને નેતા બનવાની મંજૂરી ના આપી શકાય.

ભાગવતના નિવેદને ખળભળાટ મચાવી દીધો. હિન્દુ સાધુ-સંતોએ મોહન ભાગવતને આડે હાથ લઈને હિન્દુ ધર્મસ્થાનોના મુદ્દે ચૂપ રહેવા કહી દીધું. સાધુ-સંતોના સૌથી મોટા સંગઠન મનાતા અખિલ ભારતીય સંત સમિતિ (એબીએસએસ)એ ભાગવતને તડ ને ફડ કરીને કહી દીધું કે, મંદિર-મસ્જિદ ધાર્મિક મુદ્દો છે અને આ મુદ્દે ધર્માચાર્યોનો નિર્ણય અંતિમ ગણાશે તેથી ચૂપચાપ બેસી રહો અને ગમે તેવા નિવેદનો ના આપો.

તુલસી પીઠના વડા સ્વામી રામભદ્રાચાર્ય મહારાજે ટીકા કરી છે કે, ભાગવતની વાત સ્વીકારવી હિન્દુઓ માટે ફરજિયાત નથી કેમ કે ભાગવત રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા છે, હિન્દુ ધર્મના નહીં. મહારાજે તો ભાગવત પર મુસ્લિમોનું તુષ્ટીકરણ કરવાનો આક્ષેપ કરીને ત્યાં સુધી કહ્યું કે, અમારે ભાગવત કહે એ રીતે ચાલવાની જરૂર નથી પણ ભાગવતે અમે કહીએ એ રીતે ચાલવું પડે કેમ કે અમે તેમના અનુશાસક છીએ.

જ્યોતિષપીઠના શંકરાચાર્ય અવિમુક્તેશ્વારનંદે ભાગવતને તકસાધુ ગણાવીને કહ્યું છે કે, ભાગવત પોતાની અનુકૂળતા પ્રમાણે નિવેદનો આપે છે અને ભાજપના ઈશારે રાજકારણ રમે છે. સત્તા જોઈતી હતી ત્યારે મંદિર-મંદિર કરતા હતા પણ સત્તા મળી ગઈ પછી મસ્જિદો નીચે મંદિર નહીં શોધવાની સલાહ આપે છે. ભાજપને હિન્દુ મતોની જરૂર હતી ત્યારે ભાગવત સહિતના સંઘના નેતા મંદિરોની વાત કરતા હતા અને હવે સૂફિયાણી સલાહ આપી રહ્યા છે કે દરેક મસ્જિદની નીચે મંદિરની શોધ ના કરવી જોઈએ.

બીજા પણ ઘણા સાધુ-સંતોએ ભાગવતને ઝાટક્યા છે. તેના કારણે ભાગવત વર્સીસ ઓલનો માહોલ થઈ ગયો છે. એક સમયે સંઘના સૂરમાં સૂર મિલાવતા હિન્દુવાદી આગેવાનો સંઘની સામે નિવેદનો ફટકારી રહ્યા છે.

આ સ્થિતી કેમ સર્જાઈ ગઈ ?

સંઘે કદાચ હિન્દુઓની લાગણીને સમજવામાં થાપ ખાધી છે અથવા માની લીધું છે કે, હિન્દુઓ ઘેટાના ટોળા છે કે જેમને આપણે દોરીશું તેમ દોરવાશે.

આ સંઘનો ભ્રમ છે.

■■■

હિન્દુઓ માટે મંદિર-મસ્જિદના મુદ્દા ખાલી ધર્મસ્થાનોના મુદ્દા નથી પણ આત્મગૌરવના મુદ્દા છે.



**બ્રેકિંગ પોઈન્ટ**
નેહા શર્મા

ભારતમાં મુસ્લિમ આક્રમણખોરોએ મંદિરો તોડીને મસ્જિદો બનાવી એ ઈતિહાસ છે. ભારત પર રાજ કરનારા મુસ્લિમ શાસકોએ પણ અનેક મંદિરો તોડીને મસ્જિદો બનાવી હતી એવો ઉલ્લેખ આ મુસ્લિમ શાસકોએ લખેલા કે લખાવેલા ઈતિહાસમાં જ છે. મંદિરો જ નહીં પણ બૌધ્ધ અને જૈન ધર્મનાં ધર્મસ્થાનો તોડ્યા હોવાના ઉલ્લેખ અને ઐતિહાસિક પુરાવા પણ ઉપલબ્ધ છે જ. આ સંજોગોમાં હિન્દુઓ ધર્મસ્થાનો પર દાવો કરે તેમાં કશું ખોટું નથી પણ મોહન ભાગવત જે સલાહ આપી રહ્યા છે તેમાં મુસ્લિમ આક્રમણખોરોએ આચરેલી જંગાલિયત અને અસભ્યતાને કશું બોલ્યા વિના સ્વીકારી લેવાની વાત છે.

આ હિન્દુઓની લાગણીનો પડઘો છે ?

ભાગવતની વાત સંઘના પોતાના ભૂતકાળના વલણથી પણ વિપરીત છે. ૧૯૮૦ના દાયકામાં સંઘ અને સંઘ પરિવારનાં હિન્દુવાદી સંગઠનોએ અયોધ્યામાં ભગવાન શ્રી રામનું મંદિર તોડીને બાબરી મસ્જિદ બનાવાઈ હોવાનો દાવો કરીને આંદોલન શરૂ કર્યું ત્યારે સૂત્ર હતું કે, યે તો અભી ઝાંકી હૈ, કાશી, મથુરા અભી બાકી હૈ........

આ સૂત્ર પોકારતાં પોકારતાં ઘણા હિન્દુ યુવકો શહીદ થઈ ગયા. સંઘના સંગઠનો અને નેતા પોતે અયોધ્યા, કાશી અને મથુરા એ ત્રણ મંદિર મુસ્લિમો પાછા આપે તો બાકીનાં ધર્મસ્થાનો જવા દઈશું એવી વાતો કરતા હતા પણ હવે સંઘ કે ભાજપ કાશી અને મથુરાની વાત જ કરતા નથી. બલ્કે એવી વાતો કરે છે કે, કાશી અને મથુરા કદી અમારા એજન્ડામાં હતા જ નહીં.

એજન્ડામાં નહોતા તો કાશી, મથુરા બાકી હૈ.....જેવા નારા કોણ લગાવડાવતું હતું ?

■■■

સંઘ વર્શિપ એક્ટ મુદ્દે પણ પલાયનવાદ બતાવી રહ્યો છે.

અયોધ્યા વિવાદ ચરમસીમા પર હતો ત્યારે કોંગ્રેસે મુસ્લિમ તુષ્ટિકરણ માટે ધ પ્લેસીસ ઓફ વર્શિપ (સ્પેશિયલ પ્રોવિઝન) એક્ટ બનાવેલો. હિન્દુઓ ત્યારે અયોધ્યા ઉપરાંત કાશી, મથુરામાં હિન્દુ ધર્મસ્થાનોને તોડીને બનાવાયેલી મસ્જિદો પોતાને પાછી મળે એ માટે દાવા કરતા હતા. ભવિષ્યમાં બીજા મુસ્લિમ ધર્મસ્થાનો પર આ પ્રકારના દાવા ના થાય એટલે ૧૯૯૧માં કેન્દ્રની નરસિંહરાવ સરકારે વર્શિપ એક્ટ બનાવીને અયોધ્યાના રામ જન્મભૂમિ સંકુલ સિવાયનાં તમામ ધર્મસ્થાનોને કાયદાકીય રક્ષણ આપી દીધું.

પ્લેસીસ ઓફ વર્શિપ એક્ટ, ૧૯૯૧ હેઠળ ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ દેશ આઝાદ થયો ત્યારે દરેક ધર્મસ્થળ જે સ્થિતિમાં હતા, તે જ સ્થિતિમાં રાખવાની જોગવાઈ છે. તમામ ધર્મસ્થાનો માટેની આ જોગવાઈ પ્રમાણે, હિન્દુવાદીઓ હિન્દુ મંદિરો તોડીને બનાવાયેલી મસ્જિદો સહિતનાં હિન્દુ ધર્મસ્થાનો પર દાવો ના કરી શકે. મંદિર તોડીને મસ્જિદ બનાવાઈ હોય કે દરગાહ પણ ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ના રોજ ત્યાં મસ્જિદ કે દરગાહ ઉભી હોય તો પણ હિન્દુઓ તેના પર દાવો ના કરી શકે. આ મસ્જિદ કે દરગાહ ૧૪ ઓગસ્ટ, ૧૯૪૭ના રોજ બનાવાઈ હોય તો પણ તેના પર મુસ્લિમોનો અધિકાર થઈ ગયો, હિન્દુઓ તેના પર દાવો ના કરી શકે.

વર્શિપ એક્ટ મુસ્લિમ તુષ્ટિકરણનો નાદાર નમૂનો છે પણ દેશનો કાયદો છે તેથી આ દેશના નાગરિક તરીકે તમામ હિન્દુઓએ આ કાયદો પાળવો જ પડે. ભારતમાં હિન્દુઓની બહુમતી હોવાથી બહુમતી પ્રજા કાયદા ના પાળે તો દેશમાં કાયદાનું શાસન જ ના રહે તેથી હિન્દુઓની દેશના કાયદા અને બંધારણીય જોગવાઈઓનું જતન કરવાની સૌથી વધારે જવાબદારી છે.

હિન્દુઓ અત્યારે તેનું પાલન કરે જ છે પણ સામે ધર્મસ્થાનો પર પણ તેમનો અધિકાર છે એ જોતાં વર્શિપ એક્ટ નાબૂદ થવો જોઈએ કેમ કે હિન્દુઓના જે ધર્મસ્થાનો આક્રમણખોરોએ તોડ્યાં છે એ વર્શિપ એક્ટ અમલમાં હોય ત્યાં સુધી આ ધર્મસ્થાનો પાછાં મળવાના નથી.

ભૂતકાળમાં સંઘ સહિતના હિન્દુવાદી સંગઠનો અને ભાજપ પણ વર્શિપ એક્ટની ટીકા કરતા ને તેને નાબૂદ કરવાની વાતો કરતા પણ ભાજપ સત્તા આવી પછી આ વાત ભૂલી ગયો. સંઘ તો ભાજપના ઈશારે ચાલે છે તેથી એ પણ વર્શિપ એક્ટને મુદ્દે ચૂપ છે. દસ વર્ષથી કેન્દ્રમાં ભાજપની સરકાર છે પણ ભાજપ સરકારે વર્શિપ એક્ટ નાબૂદ કરવા કશું કર્યું નથી. સંઘ આ મુદ્દે પણ ચૂપ છે તેથી સાધુ-સંતોમાં આક્રોશ પેદા થવો સ્વાભાવિક છે.

બીજાં પણ કારણો છે.

સંઘ-ભાજપ હિન્દુઓની વાતો કરે છે પણ બાંગ્લાદેશમાં થઈ રહેલા અમાનવીય અત્યાચારો મુદ્દે બંને કશું કરતા નથી. વચ્ચે વચ્ચે ભાજપ સરકાર બાંગ્લાદેશની સરકારને લઘુમતીઓની રક્ષા કરવા અપીલ કરી નાંખે છે પણ બાંગ્લાદેશ સામે કોઈ નક્કર પગલાં નથી લેતી કે બાંગ્લાદેશના હિન્દુઓને બચાવવા કશું કરતી નથી. બાંગ્લાદેશની વાત છોડો પણ મણિપુરમાં મેઈતેઈ હિન્દુઓનું અસ્તિત્વ જોખમમાં આવી ગયું છે છતાં કંઈ કરાયું નહીં.

મંદિર-મસ્જિદ વિવાદ મુદ્દે ભાગવતની સૂફિયાણી સલાહ અને બાંગ્લાદેશમાં હિન્દુઓ પરના અત્યાચારો અંગે મૌન ભાજપના લાભાર્થે છે એવું પણ સાધુ-સંતોને લાગી રહ્યું છે. ભારતમાં હિન્દુ ધર્મસ્થાનો તોડીને બનાવાયેલા મુસ્લિમ ધર્મસ્થાનોનો મુદ્દો ઉઠવાથી મોદી સરકાર આંતરરાષ્ટ્રીય સ્તરે ભીંસમાં આવી જાય તેથી ભાગવત હિન્દુઓને મંદિર-મસ્જિદના મુદ્દા ભૂલી જવાની સલાહ આપી રહ્યા છે એવું સાધુ-સંતોને લાગે છે તેથી તેમનામાં આક્રોશ છે.

આ આક્રોશ કેટલો ટકશે એ ખબર નથી પણ હિન્દુઓએ જાગવાની જરૂર છે જ તેમાં શંકા નથી.

■ sanjogpurti@gmail.com

# લીંબુ : ખાટાં ફળમાં રહેલી મીઠાશ



લીંબુ ભલે સ્વાદમાં ખાટું હોય પણ લવ સ્ટોરીમાં લીંબુ આવવાથી પ્રેમરસ ખાટો થઈ જતો નથી બલ્કે મીઠો થાય છે અને એટલે જ પ્રેમિકાઓ ગાય છે: લીંબુડા ઝૂલે તારા બાગમાં છબીલા રાજ લીંબુડા ઝૂલે તારા બાગમાં... નહિતર લીંબુના ઝાડ પાસે પ્રેમી-પ્રેમિકા હિન્દી ફિલ્મોના ગીતોમાં જે રીતે રોમાંચ કરે છે એવો રોમાન્સ પણ કરી શકાતો નથી. તોય કેટલાક ગુજરાતી ગીતોમાં પ્રેમિકાઓ જે રીતે સોના રૂપાના ઘરેણાની માંગણી કરે છે એ રીતે લીંબુડાની માંગણી પણ થાય છે. લીબુડા, લીંબુડા, લીંબુડા... કાચા પાકા લીંબુડા લાય દો...

લીંબુનો ઉદ્દભવ દક્ષિણપૂર્વ એશિયામાં થયો હોવાનું માનવામાં આવે છે, જ્યાં તે ૨,૦૦૦ વર્ષ પહેલાં ઉગાડવામાં આવ્યા હતા. તે ૧લી સદીમાં આરબો દ્વારા ભૂમધ્ય પ્રદેશમાં પરિચયમાં આવ્યા હતા અને બાદમાં યુરોપમાં વ્યાપકપણે ઉગાડવામાં આવ્યા હતા.

**ધીસ ઇઝ ઘેટ**
નારન બારૈયા

લીંબુ વિશ્વભરમાં સૌથી વધુ ઉપયોગમાં લેવાતા સાઇટ્રસ ફળોમાંનું એક છે, જે વિટામિન સી, એન્ટીઑકિસડન્ટો અને અન્ય આવશ્યક પોષક તત્વોનો સમૃદ્ધ સ્ત્રોત છે. લીંબુ એ વિટામિન સીના સૌથી સમૃદ્ધ સ્ત્રોતોમાંનું એક છે, એક આવશ્યક પોષકતત્વ જે રોગપ્રતિકારક શક્તિને વધારે છે, ચેપ સામે લડે છે અને કોલેજન ઉત્પાદનને ટેકો આપે છે. લીંબુમાં ફ્લેવોનોઈડ્સ, લિમોનોઈડ્સ અને કેરોટીનોઈડ્સ સહિતના વિવિધ એન્ટીઓક્સીડેન્ટ હોય છે, જે કોષોને ઓક્સિડેટીવ નુકસાનથી બચાવવા અને બળતરા ઘટાડવામાં મદદ કરે છે. લીંબુ પોટેશિયમનો સારો સ્ત્રોત છે, એક ઈલેક્ટ્રોલાઈટ જે બ્લડ પ્રેશરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે, હૃદયના સ્વસ્થ કાર્યને ટેકો આપે છે અને સ્નાયુઓને પુનઃપ્રાપ્ત કરવામાં મદદ કરે છે. લીંબુમાં ડાયેટરી ફાઈબર હોય છે, જે પાચન સ્વાસ્થ્યને પ્રોત્સાહન આપવા, તંદુરસ્ત બ્લડ સુગર લેવલને ટેકો આપવા અને વજન વ્યવસ્થાપનમાં પણ મદદ કરી શકે છે.

આમ તો તમે ગમે તે ફળની વાત કરો, આરોગ્ય શાસ્ત્ર તેના વખાણ કરતા થાકતું જ નથી. આપણે જે ફળ વિશે વાંચતા હોઈએ એ ફળ જ વિશ્વનું અદ્દ્ભુત ફળ છે એવું લાગ્યા કરે. (જ્યાં સુધી વાંચતા હોઈએ ત્યાં સુધી, પછી શેઠની શિખામણ ઝાંપા સુધી.) લીંબુનું પણ એવું જ છે આરોગ્ય શાસ્ત્રીઓ કહે છે કે રોગપ્રતિકારક શક્તિમાં વધારો કરે છે. લીંબુમાં વિટામિન સીનું ઊંચું પ્રમાણ રોગપ્રતિકારક શક્તિને મદદ કરે છે, શરદી અને ફ્લૂની તીવ્રતા ઘટાડે છે. ( હવે અમારા વડીલો પાછા વર્ષોથી એવી બૂમો પાડે છે કે શરદી હોય તો લીંબુ નંય ખાવાનું, ખાટું નહીં ખાવાનું. આમાં આપણે માનવું કોનું?) એસિડ વિશે વડીલોએ એટલી બધી સૂચનાઓ આપી છે કે તેને અડવાથી પણ રીતસરની બીક લાગે છે પણ વૈજ્ઞાનિકો કહે છે કે લીંબુમાં સાઈટ્રિક એસિડ હોય છે, જે પાચનને ઉત્તેજીત કરવામાં, અપચાના લક્ષણોને દૂર કરવામાં અને સ્વસ્થ આંતરડાના બેક્ટેરિયાને ટેકો આપવામાં મદદ કરી શકે છે.


તમારા મિત્રો તમને જો જાડિયો કહીને બોલાવતા હોય તો એ લોકોને ચૂપ કરવા માટે લીંબુ ખાવું જરૂરી છે કારણ કે લીંબુના અભ્યાસુ કહે છે કે લીંબુમાં પેક્ટીન હોય છે, જે એક પ્રકારનું ફાઈબર છે જે પૂર્ણતાની લાગણીને પ્રોત્સાહન આપવા, કેલરીની માત્રા ઘટાડવામાં અને વજન ઘટાડવામાં મદદ કરી શકે છે. આમ તો લીંબુના ભાવો સાંભળીને ઘણી વખત આપણું બ્લડપ્રેશર વધી જાય છે પરંતુ લીંબુનું નિયમિત સેવન કેટલાક અભ્યાસોમાં બ્લડ પ્રેશર ઘટાડવામાં મદદ કરે છે તેવું દર્શાવવામાં આવ્યું છે, સંભવતઃ પોટેશિયમની સામગ્રીને કારણે.

સંબંધોમાં ખટાશ આવે તે આપણને કોઈને ગમતું નથી પરંતુ સ્વાદમાં ખટાશ આવે તે તો હંમેશા આપણને ગમે જ છે અને એટલે જ લીંબુનો રસ ચા, કોકટેલ અને સોફ્ટ ડ્રિંક્સમાં લોકપ્રિય ઘટક છે. લીંબુના રસનો ઉપયોગ ઘણીવાર સલાડ ડ્રેસિંગ, મરીનેડ્સ અને ચટણીઓમાં થાય છે. લીંબુના ઝાટકા અને રસનો ઉપયોગ સામાન્ય રીતે કેક, કૂકીઝ અને મફિન્સ જેવા બેકડ સામાનમાં થાય છે. માછલી, સીફૂડ અને સલાડ જેવી વાનગીઓ માટે લીંબુ ફાચર અથવા સ્લાઈસેસનો ઉપયોગ ઘણીવાર ગાર્નિશ તરીકે થાય છે. આ બધા ઉપયોગોના કારણે જ ઘણી વખત પતિ રસોડા માટે લીંબુ ના લાવે તો બંનેના સંબંધો અમુક દિવસો પૂરતા ખાટા થઈ જતા હોય છે અને લીંબુ આવે પછી જ તે લીંબુની ખટાશના કારણે સંબંધો મીઠા થતા હોય છે. આમ લીંબુ ભલે સ્વાદમાં ખાટા હોય પણ તેની અસરમાં અસરકારક મીઠાશ હોય છે.

■ naranbaraiya277@gmail.com

# શિક્ષકનું શિક્ષકત્વ અતિ આવશ્યક

ડૉ. અબ્દુલ કલામના શબ્દોમાં કહીએ તો આ દુનિયામાં બે વ્યક્તિઓ મહત્વની છે. એક શિક્ષક અને એક મા... આ બંને વિશ્વમાં સન્માનિત છે.ચાણક્યના શબ્દોમાં કહીએ તો; શિક્ષક કભી સાધારણ નહી હોતા, પ્રલય ઔર નિર્માણ ઉસકી ગોદ મેં હે; શિક્ષક સમાજનું ગૌરવ છે. સમાજના નવસર્જનમાં તેનું અનન્ય પ્રદાન છે. સમાજમાં શિક્ષકનું મહત્વ અને મૂલ્ય જાળવવું હોય તો તેવા સંનિષ્ઠ કાર્યો કરવા પડે તો જ તમારું સમાજમાં અને જે તે ગામમાં ગૌરવ ટકી શકશે. ગમે તેટલી લાયકાત હોય પરંતુ આપણું શિક્ષકત્વ શ્રેષ્ઠ હોવું જોઈએ. શિક્ષક ધારે તે કરી શકે. શિક્ષક અજ્ઞાનથી જ્ઞાન તરફ અને સરળતાથી વ્યાપકતા તરફ લઈ જાય તે શિક્ષક. શિક્ષકનું વિશાળ વાંચન અને ચિંતન હોવું અનિવાર્ય છે. અભણ અને આંધળા બરાબર એમ કહેવાયું છે. શિક્ષકે જ્ઞાનરૂપી પ્રકાશ ફેલાવીને લોકોને શિક્ષણના માર્ગે જ્યોત પ્રગટાવવા રચનાત્મક કેળવણીનું કાર્ય શિક્ષકે કરવું રહ્યું. શિક્ષક હંમેશાં જ્ઞાનરૂપી પ્રકાશ પાથરી અજ્ઞાનના અંધારાને હટાવવાનું કામ કરે છે. આજનો સમાજ શિક્ષકો પાસે અનેક ગણી અપેક્ષા રાખે છે. તેથી જ શિક્ષક એકસાથે અનેક ભૂમિકા હાલના સમયમાં ભજવી રહ્યો છે. શિક્ષક એટલે હંમેશા શીખતો રહી બીજાને શીખવાડતો રહે તે જરૂરી છે. એટલે જ કહેવાયું છે કે શિક્ષક આજીવન વિદ્યાર્થી છે. જે શીખે છે તે જ શીખવી શકે છે. હાલના સમયમાં મૂલ્યલક્ષી શિક્ષણની જરૂરિયાત સેવાઈ રહી છે. તેથી શિક્ષક પોતે અનેક આદર્શોની મૂર્તિ બને તો તેના અનુકરણથી બાળકોમાં મૂલ્યશિક્ષણ કેળવાય. બાળક માટે શિક્ષક એક દર્પણ છે. શિક્ષક બાળકના જીવનમાં અવનવા રંગો ભરી જીવનને રંગીન બનાવે છે. સ્નેહના સંસ્કારનું સિંચન કરી વિશાળ વટવૃક્ષ બનાવે છે. શિક્ષક વિદ્યાર્થીઓનું જીવન ઘડતર કરે ત્યારે જ આ સમાજની નવી મજબૂત ઈમારત ચણાય. શિક્ષક દ્વારા સમાજનું નવનિર્માણ થતું હોય છે. શિક્ષકો આચાર, વિચાર અને આચરણ વાળા હોવા જોઈએ. શિક્ષકે બાળકોમાં રહેલ સુષુપ્ત શક્તિઓને કેળવવાનું કાર્ય કરવાનું હોય છે. સ્વ. નાનાભાઈ ભટ્ટના શબ્દોમાં કહીએ તો કેળવણીનું મુખ્ય કાર્ય વિદ્યાર્થીઓને જાતે કાર્ય કરતા શીખવવાનું છે. શિક્ષણની ભૂખ જગાડી બાળકોને ભણાવે છે. બાળક મા - બાપ કરતા વધુ સમય શિક્ષક સાથે પસાર કરે છે તેથી તે શિક્ષકનું અનુકરણ કરે છે. બાળકોને પ્રેમથી ભણાવનાર શિક્ષક વાત્સલ્યમૂર્તિ સમાન છે. બાળકોને ધ્યાનમાં લઈ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરી રસપૂર્વક ભણતા કરે એ જ સાચો શિક્ષક.



હું શિક્ષિક છું. જેનો મને ગર્વ છે. દુનિયામાં એક જ એવું વ્યક્તિત્વ છે જેને સાહેબ કહેવામાં આવે છે. રસ્તામાં તમે ચાલતા હોવ ત્યારે તમારા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ શિક્ષકને જોઈને કહે કે સાહેબ જાય છે. કલેક્ટર જતા હોય તો કહે કે કલેક્ટર જાય છે. મામલતદાર જતો હોય તો કહે કે મામલતદાર જાય છે પરંતુ જ્યારે શિક્ષક નીકળે ત્યારે લોકો કહે છે કે સાહેબ જાય છે. નાના અને મોટા બાળકોમાં માનવતા નિર્માણ કરવાનું કાર્ય શિક્ષક કરે છે. શિક્ષક પોતાના આગવા વ્યક્તિત્વને છતું કરી સદૈવ જ્ઞાન આપવા તૈયાર રહે છે. જ્ઞાનનો અખૂટ ભંડાર એટલે શિક્ષક. શિક્ષક માર્ગદર્શક છે. પટાવાળાથી પ્રાઈમ મિનિસ્ટર સુધી અને વામનથી વિરાટ સુધી વ્યક્તિઓનું નિર્માણ કરવાનું ભગીરથ કાર્ય શિક્ષક કરે છે. મોટા મોટા એન્જીનીયરો, ડોક્ટરો કે વૈજ્ઞાનિકોને બનાવનાર પણ એક શિક્ષક જ છે. ખરેખર શિક્ષક એ આ પૃથ્વી પરના ભગવાન સમાન છે. તેથી જ સંત કબીર કહે છે કે, ગુરુ ગોવિંદ દોનો ખડે કાકે લાગુ પાય, બલિહારી ગુરુ આપકી ગોવિંદ દીયો બતાય. સમાજમાં શિક્ષકનું અણમોલ મહત્વ છે. બાળકમાં દેવના દર્શન કરવાની જીજીવિષા જાગે તે જ સાચો શિક્ષક. શિક્ષક સમાજનો મશાલચી છે. શિક્ષકે સમાજની સેવા કરતા કરતા પોતાનું જીવન વ્યતીત કરવાની કેળવણી હસ્તગત કરવાની હોય છે. ડોક્ટર સર્વપલ્લી રાધાકૃષ્ણના વારસ બની ઉત્તમ અધ્યાપન કાર્ય કરી વિદ્યાર્થીઓના હૃદયમાં વટવૃક્ષ બનવાનું કાર્ય શિક્ષકત્વ થકી થાય છે.



**સામાજિક અને શૈક્ષણિક**
વિપુલ.ડી. પટેલ
(રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ)

■ Mo.9825702282

# માનસિક રોગ તેમજ તેનો મનોવૈજ્ઞાનિક ઉપચાર



મહાપુરૂષોની ક્રિયા - સિધ્ધિ તેમના તેજ, ઉત્સાહ પર નિર્ભર કરે છે. સાધનો પર નહિ. નિશ્ચયની પરિપકવતા, અંતર્મુખી ચિંતનથી રાગ-દ્વેષ પેદા થાય છે. ઈચ્છાઓ, આવશ્યકતાઓની પૂર્તિ ન થવાથી દુર્ગુણ વધે છે. જેનો પ્રભાવ સ્વાસ્થ્ય પર પડે છે. મનુષ્યની શક્તિ વિખેરાય જાય છે અને તે ઉત્સાહહિન બનીને રોગી બની જાય છે. પાશ્ચાત્ય મનોચિકિત્સક ડૉ. વિલીયમ બ્રાઉને માનસિક ચિકિત્સાના ચાર અંગ બતાવેલા છે. ૧) દમિત ભાવનું વિરેચન ૨) સમ્મોહન અને નિર્દેશન ૩) આત્મ.... અર્થાત પોતાના જીવનમાં બનેલ જુની ઘટનાઓને સાક્ષી ભાવથી જોવી તેનો અભ્યાસ કરાવવો ૪) ભાવોનું સ્થાનાન્તરણ. ડૉ. ચાલ્સ યુગ જેઓ ભારતીય યોગ શાસ્ત્રો અને ઉપનિષદોના પ્રેમી હતા તેમણે એક પાંચમી પધ્ધતિને ઉમેરેલ છે. ‘ રોગીના જીવનમુલ્યોનું નવનિર્માણ ’ આજના વૈજ્ઞાનિકો કોઈ એક પધ્ધતિને એકાંકી માને છે. તેથી તેઓ આ બધી સરળ પ્રક્રિયાઓને સમન્વયાત્મક ઢંગથી ગ્રહણ કરવાની બાબતને ઉત્તમ ચિકિત્સા પધ્ધતિ માને છે.



વૈવિધ્ય

ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

માનસિક ચિકિત્સામાં બધા પ્રત્યે મૈત્રીભાવનો સદઉપદેશ વેદોમાં પ્રતિપાદિત છે. અથર્વવેદના એક મંત્રમાં મૈત્રીની વ્યાપકતાને બતાવતા કહેવાયુ છે કે, બધી દિશાઓ મારી મિત્ર બનો,અર્થાત બધા જ સુખી થાઓ, બધા જ સ્વસ્થ થાઓ.

મનનો એક નિયમ છે કે, તે એક સમયમાં એક વાતને યાદ કરે છે. ચાહે તે બીમારીના સમયે રોગની બાબતમાં ચિંતા કરે અથવા સ્વચ્છતા વિષે વિચારે, તેથી મનુષ્યનું કર્તવ્ય છે કે તેમણે સદા શુભ સંકલ્પો કરવા જોઈએ. મૈત્રી અને સંતોષની ભાવના રાખવી જોઈએ. ભગવાનના મંગલમય નામોનું સંકીર્તન કરવાથી મંગલ જ થાય છે. ગોસ્વામી તુલસીદાસજીએ કહ્યું છે કે, “ રામકૃપા નાસહિ સબ રોગા” તેમજ મોહ બધા રોગોનું મૂળ છે. રામ કૃપાથી બધા રોગોમાંથી મુક્ત થઈ શકાય છે. હાલમાં જેને ડીપ્રેશન કહેવામાં આવે છે. તેને આયુર્વેદના ગ્રંથોમાં ‘ચરક સહિતા’ મૂજબ આ રોગના મુખ્ય ત્રણ કારણો આ પ્રમાણે છે. મલિન આહાર સેવન :-રોજે રોજ અથવા વારંવાર મલિન આહારનું સેવન કરવાથી રોગ થાય છે. મલિન આહાર અર્થાત વાસી આહાર, તામસિક આહાર, બિન પોષણયુક્ત આહાર. શારીરિક આવેગોને રોકવા: આધુનિક યુગમાં મહાનગરોમાં તનાવ ભરી જીંદગી જીવતા લોકો મળ, મૂત્ર, વમન વગેરે શારીરિક આવેગોને રોકી રાખે છે. કારણકે જે તે સમયે તેનું વિરેચન કરવાની સગવડ હોતી નથી પરિણામે અનેક શારીરિક, માનસિક રોગો ઉત્પન્ન થાય છે. અનુસુચી આહારનું સેવન :- જ્યારે મનુષ્ય અતિ શીતળ, અતિ રૂક્ષ, અતિ ઉષ્ણ આહાર અને પેય પદાર્થોનું સેવન કરે અથવા વિપરીત આહારનું સેવન કરે તેથી રોગો ઉત્પન્ન થવાની સંભાવના વધી જાય છે. જ્યારે મનુષ્ય લગાતાર આવા અનુસુચી આહારનું સેવન કરે તેથી વાત, પિત, કફના પ્રકોપદોષ હૃદયસ્થ થઈને મગજની, બુધ્ધિની શિરાઓ અને ધમનીઓમાં વ્યાપ્ત થઈ જાય છે. મન રજોગુણ તથા તમોગુણને આધીન થઈ જાય છે અને મનની વ્યાકુળતા વધી જાય છે. આવા રોગીમાં સારા નરસાનો વિવેક કરવાની ક્ષમતા રહેતી નથી. મનોચિકિત્સકો આવા લક્ષણોથી યુકત રોગને ડીપ્રેશન કહે છે.

આ રોગમાં રોગી હતાશામાં રહે છે. શંકાશીલ રહે છે. એકની એક વાત તેના મનમાં ધોળાયા કરે છે. કાલ્પનિક ભયને કારણે હૃદયની ગતિ વધી ઘટી જાય છે. શરીરનો રંગ પીળો પડી જાય છે.

આવા રોગીને સ્વસ્થ બનાવવા માટે સર્વ પ્રથમ તેની આહારશુધ્ધિ કરાવવી જોઈએ. તામસી આહાર સંપૂર્ણપણે બંધ કરાવવો જોઈએ. ઉચિત આરામની વ્યવસ્થા આપવી જોઈએ. રોગીને કોઈપણ પ્રકારનો માનસિક આઘાત ન લાગે તે માટે તેવી વાતો અને પ્રવૃતિઓથી દૂર રાખવો જોઈએ. તેને સમજવાની કોશિષ કરવી જોઈએ. રોગીને પૌષ્ટિક આહાર અને આનંદ તથા હુંફ મળે તેવું વાતાવરણ ઘરમાં સર્જવું જોઈએ. આ રોગ ધીરે ધીરે મટે છે. તેથી પરિવારના સભ્યોએ ખૂબ જ ધૈર્ય રાખીને લાંબો સમય સારવાર માટે તૈયાર રહેવું જોઈએ.

આયુર્વેદિક ઔષધોમાં મુખ્યત્વે ૧. બ્રાહ્મીનો સ્વરસ બ્રાહ્મી ધૃત સાથે અથવા પંચગવ્ય ધૃત સાથે નિયમિત આપવો જોઈએ. ૨. શંખપુષ્પીનો સ્વરસ પણ આપવો જોઈએ. ૩. ૧૫૦ મિ.લિ. દૂધમાં બ્રાહ્મી અને શંખપુષ્પી તથા ૨ ગ્રામ વચા નાંખીને મિશ્રણ કરીને આપવાથી સારો લાભ થાય છે.

આ ઉપરાંત ‘સારસ્વતારીષ્ટ’ ચૂર્ણ અથવા સીરપ જમ્યા પછી દિવસમાં બે વખત તથા અશ્વગંધા ચૂર્ણ અથવા સીરપ જમ્યા પછી બે વખત દર્દીને આપ્યા પછી ઝડપથી સ્વસ્થ થાય છે. તેમજ કૃષ્ણચતુર્મુખ રસ ૧૨૫ મિલિગ્રામ, ૧૦ ગ્રામ બ્રાહમી ધૃત સવાર સાંજ ગાયના દૂધ સાથે આપવાથી સારૂ પરિણામ મળે છે. દર્દીના માથાના વાળ એકદમ ટૂંકા કરાવીને વિષ્ણુતેલથી માથામાં માલીશ કરવું જોઈએ.

રામચરિત માનસમાં ભરતજી ત્રિવેણી સંગમ પર માં ગંગા યમુના અને સરસ્વતી નદીઓને સંબોધીને પ્રાર્થના કરે છે કે,

હે માતાઓ મારે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેયમાંથી કાંઈ જોઈતું નથી મને જન્મોજનમ ભગવાન રામના ચરણમાં સ્નેહ રહે તેવું વરદાન આપો. માનસિક રોગી માટે સત્સંગ એ વરદાન સ્વરૂપ છે માટે ખાસ મનોરોગીને આધ્યાત્મિક વાતાવરણ પ્રદાન કરવું જોઈએ. આ બાબતને ધ્યાનમાં રાખીને દર્દી પર પ્રભુ શ્રી રામની કૃપા થાય તે રીતે પ્રયાસો કરવા જોઈએ અને આનંદદાયી વાતાવરણ સર્જવું જોઈએ. ■

hemangidmehta@gmail.com

# શું વાત કરે છે ? કોઈ મોટો દલ્લો બલ્લો હાથમાં આવ્યો કે શું ?



"ઓ..હો..હો..! બકા, આજ કાઈ વધારે કોટામાં લાગસ. કાંઈ લોટરી બોટરી લાગી કે શું!??"

"બોસ, માનોને લોટરી જ લાગી છે. ગુજરાત સરકારે ગુર્જર લક્ષ્મી લોટરી બંધ કરી. પણ સમજોને આપણને લોટરી કરતાં ’ય મોટો હાથ લાગ્યો છે."

"શું વાત કરે છે ? કોઈ મોટો દલ્લો બલ્લો હાથમાં આવ્યો કે શું?"

"બોસ તમે સૌથી પહેલાં બે ચાર મોટા દલાલોને બોલાવી લ્યો. આપણે પ્રાઈમ લોકેશનમાં બે ચાર બંગલા ખરીદવાં છે. ભીડભાડવાળા રસ્તે બે ચાર દુકાનો લેવી છે અને પછી પણ પૈસા વધશે તો રોડ ટચ જમીનનું વિચારીશું."



લાગે તો તીર..

કાળુભાઇ ભાડ

"અરે ગાંડાભાઈ! તને કોક હજાર રૂપિયા ’ય ઉછીના માંડ માંડ આપે. અને તું લાખો - કરોડોની વાતું કરે છે!?? તારી હારે મારીય આબરુનાં ધજાગરા કરવાં છે? મારી પાંચ વીઘા જમીન ટકી જાય એની મથામણ હાલે છે. અને તારે રોડ ટચ જમીન લેવી છે ?? ઘરનાં નળિયાં કેટલાં હાજા છે. ઈ કોઈ દિવસ ગણ્યાં છે?"

"બોસ, ઈ હંધાય દિવસો હવે ગ્યા. અને ઈ વાતો હવે ભૂતકાળ બની જવાની છે. હું તમને કહું એટલું કરો. બે ચાર મોટા દલાલોને ફોન કરો."

"હા પણ, વાત હું છે ? ઈ તો પેલાં કે."

"આપણને મોટો દલ્લો મળ્યો છે ઈ વાત પાક્કી છે.

અને આટલાં બધાં રૂપિયા ઠેકાણે તો પાડવાં પડશે ને."

"જો ભાઈ..! દલ્લો મળવો અને દલ્લો હાથમાં આવવો આ બન્નેમાં જમીન આસમાનનો ફરક છે.

તને યાદ છે? નવ ફેબ્રુઆરી ૨૦૨૩. જીઓલોજિકલ સર્વેમાં જમ્મુના સલાલ ગામમાં વિશ્વનો સૌથી મોટો લિથિયમનો ભંડાર મળ્યાંનો દાવો કરાયો હતો. અને કેટલાય લોકો સરકારી નોકરી છોડીને આ ભંડાર શોધવા મંડી પડ્યા હતા.

સરવાળે હમજાણું કે કાંઈક કાચું કપાણું છે. અને હંમેશા આપણું કોઈ પણ ખાતું કાચું કાપવાં માટે વિખ્યાત છે. એ પરમાણે જ થયું. હમણાં ન્યાં નવેસરથી સર્વે હાથ ધરાયો છે. "

"એટલે ? તમે કેવાં શું માંગો છો? કે મે પણ કાચું કાપ્યું છે એમ !?? બોસ બોસ તમે માત્ર ફોટો જોહોને તોય તમારી આંખો ચાર થઈ જાહે. અને તમે રૂબરૂ જોહોને તો કેટલી આંખો થાહે ઈ ભગવાન જ જાણે." "એ...હા.. ભાઈ..હા..! તારે કૂકડે હવાર ! હવે કાંઈ કેવું છે? તું કે ઈ હાસુ. પણ.., હવે તો કે .., થયું છે શું? અને મળ્યું છે શું??"

"બોસ. તમે જિંદગીમાં ન જોયાં હોયને એટલાં રૂપિયા હું તમને દેખાડીશ. તમે કલ્પના પણ ના કરી શકો એટલું ધન બતાવીશ. હવે તો હા પાડો."

"પણ, આ ધન છે ક્યાં?? રાજકારણીઓ પાંહે અને ડોકટરો પાંહે કદાચ! આવું ધન તે જોયું હોય એ સ્વાભાવિક છે. વધીને વકીલ પાંહે ’ય હોય એ સમજી શકાય એવું છે. પણ, તે આવું ધન જોયું ક્યાં?"

"બોસ, માત્ર જોયું જ નથી. એને બાથ ભરીને ભેટ્યો ’ય છું."

"હા પણ, એનાથી તારાં દાડા બદલી નથી જાવાના.

એમ તો બેન્કવાળા હાંજે કરોડો રૂપિયા ફેરવી નાંખે છે. પણ, ઘરે આવે તો હતાં એવાં ને એવાં."

"બોસ, તમે આડાં -અવળી વાતો નાં કરો. મુદ્દાની વાત કરો. "

"હા તો બોલ. તારી પાંહે આટલાં રૂપિયા છે? "

"હાં..આ..આ..!!"

"આટલાં બધાં રૂપિયા ક્યાંથી આવ્યાં? ક્યાંય ખાતર બાતર પાડ્યું??"

"ખાતર પાડે આપડાં દુશ્મન. આ રૂપિયા તો મારાં પરસેવાનાં છે."

"બકા.., તારી તણ તણ પેઢીમાં પરસેવો લૂછવાં હારો નેપકીનેય નહોંતો અને તારે સીધી જ પરસેવાની નદી વહાવવી છે.

આટલાં બધાં રૂપિયા આવ્યાં ક્યાંથી?"

"બોસ, તમે કહ્યું નહોતું કે, જુની બંધ થઈ ગયેલી નોટો ભોપાલ બેંકમાં બદલાઈ જાય છે. અને હવે તો આપણાં ગુજરાતમાંય આ ધંધો હાલ્યો છે.

એટલે મેં જુની બંધ થઈ ગયેલી નોટોનો ઢગલો ખરીદી લીધો. જૂઓ આ રહ્યો એ રૂપિયાનો ઢગલો."

"અરે.. ગાંડાભાઈ..! તારી પાંહે આ ખરીદી કરવાનાં રૂપિયા આવ્યાં ક્યાંથી?"

"મારું ખોરડું ગીરવે મૂકી દીધું અને થોડાક ઉછીના પાછીનાં કર્યા. હવે ધીરે..ધીરે..આ રૂપિયા વટાવતાં વટાવતાં બંગલા ખરીદી લેહું. તમ તમારે તમનેય કમિશન આપીશું હો."

"અરે.., અક્કલના ઓથમીર ! બુધ્ધિના બારદાન !! આ ઈ રૂપિયા નથી."

"તમે તો કે તા તા કે, બંધ થઈ ગયેલી નોટો બેંકમાં જમા થાય છે."

"પણ, આ તો કાળુ નાણું છે. સરકારને જેને મારવાં હતાં એ હંધાયને મારવાં માટે જ આવી નોટો બંધ કરી હતી."

"કાળુ નાણું? ઈ વળી કેવું હોય?? અને આ ક્યાં કાળા કલરનાં રૂપિયા છે? આ તો પીળા હોના જેવાં કલરનાં છે. "


"અરે.., આવું કરતાં પેલાં તારી બુદ્ધિ ઘાસ ચરવા ગઈ’ તી. મે તને રૂપિયા બે હજારની બંધ થઈ ગયેલી નોટની વાત કરી હતી. અને આ રૂપિયા છે પાંચસોની નોટો. આને હવે પસ્તીમાં ’ય કોઈ રાખતું નથી અને તે લીધી ક્યાંથી ?"

"એક ભંગારની આખી લારી ભરી’ તી. મને થયું આ ટાબરિયા છોકરાને શું ખબર પડે! લાવ હું હંધાય રૂપિયા લઈ લવ એટલે મેં લઈ લીધાં.

પણ.., તો હવે આને શું કરશું? " "હમણાં ઠંડી બોવ પડે છે. હારું તાપણું કરીને તાપો."

■ kalubhaibhad123@gmail.com

# રાજસ્થાનનું રાજાશાહી શહેર...જેસલમેર



ધ ગ્રેટ ઈન્ડિયન બસ્ટાર્ડ પણ અહીં જોવા મળે છે. શિયાળામાં, આ પાર્કમાં હિમાલયન અને યુરોપિયન ગ્રિફોન વોલ્ટર્સ, ઈસ્ટર્ન ઈમ્પીરિયલ ઈગલ અને ‘સ્કેલ ફાલ્કન’ જેવા વિવિધ પક્ષીઓ મુલાકાતે આવે છે.

- જૈન મંદિરો :


અહીંના જૈન મંદિરો કલાની દ્રષ્ટિએ ખૂબ મહત્ત્વપૂર્ણ છે. જેમાં લૌદ્રવા જૈન મંદિર તેના ભવ્ય શિખરને કારણે દૂરથી જ નજરે પડે છે. આ મંદિરમાં લગાવેલા કલ્પ વૃક્ષ વિશે એવી માન્યતા છે કે વૃક્ષને સ્પર્શ કરવાથી તમારી મનોકામના પૂર્ણ થાય છે. મંદિરના ગર્ભગૃહમાં સહસ્ત્રફણ પાર્શ્વનાથની શ્યામ મૂર્તિ છે, જે કસૌટી પથ્થરમાંથી બનાવેલી છે. જેસલમેર કિલ્લાની અંદર આવેલાં જૈન મંદિરો ૧૨મી અને ૧૫મી સદીના હોવાનું મનાય છે. આ મંદિર તીર્થંકર તરીકે જાણીતા જૈન સંત ઋષભદેવજી અને શાંભવદેવજીને સમર્પિત છે. કિલ્લાની અંદર સાત-આઠ જૈન મંદિર આવેલાં છે. જેસલમેરના તમામ સ્થાપત્યોની જેમ આ જૈન મંદિરો પણ પીળા રેતાળ પથ્થરમાંથી નિર્માણ કરાયેલાં છે. પ્રખ્યાત દેલવાડા શૈલીમાં બનેલાં આ જૈન મંદિરો તેની સુંદર વાસ્તુકલા માટે જાણીતાં છે. જૈન સમુદાયના લોકો જેસલમેરની યાત્રાને તીર્થયાત્રા માને છે.

- તનોટ માતા મંદિર :

ભાટી રાજપૂત રાજા તણુરાવે વર્ષ ૮૨૮માં આ મંદિરનું નિર્માણ કરાવ્યું હતું. તનોટ માતાના આ મંદિરની આસપાસના ગામડાંના લોકો અને ખાસ કરીને બીએસએફના સૈનિકો અહીં ભક્તિભાવપૂર્વક પૂજા-અર્ચના કરે છે. તનોટ માતાનું મંદિર જેસલમેરથી આશરે ૧૨૦ કિલોમીટરના અંતરે આવેલું છે. તનોટ માતા દેવી હિંગળાજનો પુનર્જન્મ મનાય છે. ૧૯૬૫ના ભારત-પાકિસ્તાન યુદ્ધ દરમિયાન, તનોટ મંદિર પર ભારે હુમલા અને તોપમારો થયાની ઘણી વાતો છે. જો કે, આશ્ચર્યની વાત એ છે કે, મંદિર પર પડેલા બોમ્બ પૈકી એક પણ બોમ્બ ફૂટ્યો નહીં. જેના કારણે તનોટ મંદિર પ્રત્યે ગામજનોની આસ્થા વધારે મજબૂત થઈ. આ મંદિરનું પુનઃનિર્માણ અને સંચાલન બોર્ડર સિક્યોરિટી ફોર્સ દ્વારા કરાયું હતું. (ક્રમશઃ) ■

- યુદ્ધ સંગ્રહાલય :

જેસલમેર યુદ્ધ સંગ્રહાલય એ જોવાલાયક સ્થાન છે. જેસલમેરના મિલિટરી બેઝ પર બનાવેલું આ મ્યુઝિયમ ભારતીય સેનાના શહીદોને સમર્પિત છે, જેમણે ૧૯૬૫ના ભારત-પાકિસ્તાન યુદ્ધ અને ૧૯૭૧ના લેંગેવાલા યુદ્ધ દરમિયાન પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું. અહીં યુદ્ધ દરમિયાન દુશ્મન દેશની કબજે કરાયેલી ટેન્ક અને હથિયારો સંગ્રહાયેલાં જોઈ શકાય છે. અહીં મુલાકાતીઓને યુદ્ધ પર બનેલી ફિલ્મ દર્શાવવામાં આવે છે. આપણા દેશના મહત્ત્વપૂર્ણ યુદ્ધ ઈતિહાસને સાચવી રાખતું આ મ્યુઝિયમ જેસલમેર-જોધપુર હાઈવે પર આવેલું છે.



પ્રવાસનામા

જયસ્વી પટેલ

- ડેઝર્ટ નેશનલ પાર્ક :

ડેઝર્ટ નેશનલ પાર્કમાં રણના વન્યજીવ જોવા મળે છે. આ નેશનલ પાર્ક રેતીના ટેકરા, છૂટાછવાયા ખડકો, ખારા તળાવ અને આંતર ભરતી વિસ્તારોથી રચાયેલો છે. આ નેશનલ પાર્ક જેસલમેરથી ૪૦ કિમી દૂર આવેલો છે. કાળિયાર, ચિંકારા અને રણ શિયાળ જેવાં પ્રાણીની વિવિધ પ્રજાતિઓ અહીં જોવા મળે છે. વિશ્વના સૌથી મોટા ઉડતા પક્ષી પૈકીનું એક

sanjogpurti@gmail.com

# કાચબો જીત્યો !



"કાચબાભાઈ, ચાલોને આપડે દોડની હરીફાઈ કરીએ. ઘણા સમયથી આપણે નથી કોઈ રમત રમ્યા કે નથી કોઈ હરીફાઈ યોજી." - સસલો બોલ્યો.

"સસ્સાભાઈ, આમ શું મારી મશ્કરી કરો છો. આ તમે ક્યાં ને હું ક્યાં! હું થોડો તમારી જેમ ઝડપથી દોડી શકવાનો હતો! હું તો ધીમેધીમે મારું વજનદાર શરીર લઈને માંડમાંડ ચાલું છું. ત્યાં વળી ક્યાં તમે ઝડપથી દોડવાની વાત કરો છો!" - કાચબાએ હળવેથી અને નરમાશથી કહ્યું.

"કાચબાભાઈ, તમે ચિંતા ન કરો. આપણે ખાલી એમ જ રમવાનું છે. ચાલો હું ધીમે ધીમે દોડીશ બસ! પણ તમે હરીફાઈ માટે તૈયાર થાવ." - સસલાએ કાચબાને ગમે તેમ કરી હરીફાઈ માટે મનાવી લીધો.

અંતે કાચબો હરીફાઈ માટે તૈયાર થયો. કાચબાને ખબર હતી કે હું સસલા જેટલો ઝડપથી દોડી શકવાનો નથી. પણ મિત્રનું માન રાખવા એ તૈયાર થયો. આખરે હરીફાઈ શરૂ થઈ. સસલો સનનન કરતો બંદૂકમાંથી ગોળી છૂટે એમ દોડ્યો. જોતજોતામાં એણે નક્કી કરેલી હદ પાર કરી દીધી અને હરીફાઈ જીતી ગયો. જ્યારે કાચબો હજુ ઘણો પાછળ હતો.



રે વાર્તા!

મનીષ સુથાર

"અરે કાચબાભાઈ! તમે તો બહુ ધીમા. તમે સાવ માંદાની જેમ ચાલો છો. જો તમે કહેતા હોવ તો ચાલો આપણે ફરીથી હરીફાઈ કરીએ" - સસલાએ જરા અભિમાનથી કહ્યું.

સસલાની વાત સાંભળી કાચબાએ કહ્યું, "જુઓ સસલાભાઈ! એક તો તમારું શરીર સાવ હલકું અને તમારી દોડવાની ઝડપ પણ વધારે. હું તમારી જેમ દોડી શકું તેમ નથી. માટે આપણે હરીફાઈની રીત બદલીએ. આ વખતે આપણે જરૂર હરીફાઈ કરીશું. પણ હું કહું ત્યાં આપણે પહોંચવાનું છે."

અભિમાનના આવેગમાં સસલો બેફિકરાઈથી બોલ્યો, "કાચબાભાઈ! એમાં વળી શું! તમે કહો ત્યાં હું દોડીશ. બોલો ક્યાંથી દોડવાનું છે ને ક્યાં પહોંચવાનું છે?"

કાચબાના કહ્યા મુજબ સસલો હરીફાઈ માટે તૈયાર થઈ ગયો. એણે કશોય લાંબો વિચાર ન કર્યો. એને એમ કે કાચબો ગમે ત્યાં દોડવાનું કહે પણ કાચબો ક્યાં જીતવાનો છે! આખરે જીત મારી પાક્કી છે!

હરીફાઈ ફરી શરૂ થઈ. સસલાએ ફરી તેજ ગતિએ દોડવાનું શરૂ કર્યું. કાચબા કરતાં ફરી એ ઘણો આગળ નીકળી ગયો. કાચબો હજુ કયાંય પાછળ હતો. પણ આ શું ! દોડતાં દોડતાં સસલો અચાનક ઊભો રહી ગયો. હવે એ આગળ જઈ શકે તેમ ન હતો. એણે ઘણો વિચાર કર્યો. પણ એની ઝડપ હવે કામ લાગે તેમ ન હતી. એણે જરા પાછા ફરીને જોયું. કાચબો સાવ નજીક હતો. એણે આગળ જવા ઘણી ઉછળકૂદ કરી. પણ એ ફાવ્યો નહિ.

હવે કાચબો છેક પાસે આવી ગયો. એ હસ્યો ને બોલ્યો, "કેમ અટકી ગયા સસલાભાઈ! દોડો દોડો, જાવ ખુબ દોડો, આગળ જાવ ને જીતી જાવ!" એમ કહેતાં કાચબો નદીના પાણીમાં પડ્યો. એ તો તરતો તરતો સામે કિનારે પહોંચી ગયો ને જીતી ગયો. સસલો જોતો જ રહ્યો.

કાચબો પાછો આવ્યો ને સસલાને કહ્યું, "કેમ સસલાભાઈ! ચાલો, ફરી હરીફાઈ કરીશું!" સસલો હસ્યો. એને બધું સમજાઈ ગયું. ■

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ “ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# દિલ્હી વિધાનસભાની ચૂંટણી જાહેર : ૫ ફેબ્રુઆરીએ એકજ તબક્કામાં મતદાન, ૮મીએ મતગણતરી

નવીદિલ્હી,તા.૦૭

દિલ્હીના લોકો અને રાજકીય પક્ષો જેની રાહ જોઈ રહ્યા હતા તે દિવસ આવી ગયો છે. ચૂંટણી પંચે મંગળવારે એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન કર્યું હતું અને દિલ્હી વિધાનસભા ચૂંટણી ૨૦૨૫ના કાર્યક્રમની જાહેરાત કરી હતી. ચૂંટણી પંચે કહ્યું છે કે દિલ્હીની ૭૦ વિધાનસભા બેઠકો માટે ૫ ફેબ્રુઆરીએ એક જ તબક્કામાં મતદાન થશે. આ પ્રેસ કોન્ફરન્સમાં ચૂંટણી પંચના મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમાર અને ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર અને સુખબીર સિંહ સંધુ હાજર હતા. ચૂંટણી પંચના જણાવ્યા અનુસાર, દિલ્હી વિધાનસભા ચૂંટણીના મતદાનના પરિણામો ૮ ફેબ્રુઆરીએ એટલે કે ચૂંટણીના ૩ દિવસ પછી જાહેર કરવામાં આવશે. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે કહ્યું કે મતદાર યાદીને લઈને અફવાઓ ફેલાવવામાં આવી હતી. કોઈપણ આધાર વગર અનેક આક્ષેપો



કરવામાં આવ્યા હતા. ઈવીએમને લઈને પણ અફવાઓ ફેલાવવામાં આવી હતી. મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે કહ્યું કે મતદારો ચૂંટણી પ્રક્રિયા વિશે જાગૃત છે. એવી અપેક્ષા રાખવામાં આવે છે કે દિલ્હી દિલથી મતદાન કરશે. ચૂંટણીની જાહેરાત દરમિયાન મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે વિપક્ષના આરોપોનો ખુલ્લેઆમ જવાબ આપ્યો. રાજીવ કુમારે મતદાર યાદીમાંથી મતદારોના નામ કાઢી નાખવા, મતદાનની ટકાવારીમાં અચાનક વધારો અને ઈવીએમ હેકિંગ સહિતના અનેક પ્રશ્નોના જવાબ આપ્યા અને દાવો કર્યો કે પંચ નિષ્પક્ષ ચૂંટણીઓ કરાવે છે.

# ગીરના જંગલમાં રહેતા બજરંગી બાપુ ૧૦૩ વર્ષની વયે દેવલોક પામ્યા

(એચ.એસ.એલ),જૂનાગઢ,તા.૦૭

શાંતિ આશ્રમના મહંત બજરંગપુરી બાપુ દેવલોક પામ્યા છે. બજરંગપુરી બાપુ મોટા ભાગે મૌન ધારણ કરીને રહેતા એટલે તેઓ 'મૌની બાપુ' તરીકે જાણીતા હતા. ગયા અઠવાડિયે તેમની નાદુરસ્ત તબિયતને લઈને સારવાર માટે હોસ્પિટલ ખસેડાયા હતા. જ્યાં તે સ્વસ્થ થતાં ફરી તેમના આશ્રમ આવી ગયા હતા. જો કે, આજે તેમનું નિધન થતાં ભાવિકોમાં શોકની લાગણી જોવા મળી રહી છે. ૧૦૩ વર્ષની જૈફ વયે પૂજ્ય 'મૌની બાપુ'નો દેહવિલય થતાં સાધુ સંતો અને સેવકગણોમાં શોક છવાયો છે. માહિતી અનુસાર, 'મૌની બાપુ' ગિરનારમાં ૪૦ વર્ષ રહ્યા હતા. તેના બાદ તેઓ જૂનાગઢ ભેંસાણ રોડ પર દેરવાણ ચોકડી પાસે શાંતિ આશ્રમમાં સ્થાયી થયા હતા. છેલ્લા ૩૦ વર્ષથી તેઓ માત્ર એક લોટા પાણીથી દિવસ



પસાર કરતા હતા. સમગ્ર દિવસ દરમિયાન ભગવાનને લગાવેલા ભોગમાંથી ચોથો ભાગ જ પ્રસાદ તરીકે લેતા હતા. દિવસે પણ જ્યાં અંધારું હોય તેવી કુટીરમાં રહીને સાધના કરતા હતા. છેલ્લા ૩૦ વર્ષથી જ્યારથી તેઓ આશ્રમમાં સ્થાયી થયા ત્યારથી આ આશ્રમમાં અખંડ ધૂણો શરૂ કરવામાં આવ્યો હતો. બાપુ ક્યારેય આશ્રમ બહાર નીકળ્યા નહોતા. બાપુ જે જગ્યાએ સાધના કરતા હતા તે જગ્યાએ સાંજના સમયે ચારથી પાંચમાં જ લોકોને દર્શન આપતા હતા. ત્યારબાદ કોઈપણ લોકોને દર્શન માટે જવાતું નહોતું.

# તા. ૨૨ જાન્યુઆરીએ લાઠી તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ

**તા.૧૬ જાન્યુઆરી સુધીમાં પ્રશ્નો રજૂ કરવા**

અમરેલી, તા.૦૭

લાઠી તાલુકાનો સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ તા.૨૨ જાન્યુઆરી, ૨૦૨૫ ને બુધવાર રોજ સવારે ૧૧ કલાકે લાઠી તાલુકા મામલતદાર કચેરી ખાતે યોજાશે. તાલુકા કક્ષાના અધિકારવાળા સરકારી બાકી કામો માટે અરજદાર અંગત પ્રશ્નો રજૂ કરવા માંગતા હોય તે નાગરિકોએ સામૂહિક કે નીતિ વિષયક પ્રશ્નો સિવાયના પ્રશ્નો તા.૧૬ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ બપોરે ૦૩ વાગ્યા સુધીમાં લાઠી તાલુકા મામલતદાર કચેરી ખાતે રુબરુ અથવા પોસ્ટ મારફતે મોકલવા. અરજીના મથાળે 'તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ' અવશ્ય લખવું, તેમ લાઠી તાલુકા મામલતદારે એક યાદીમાં જણાવ્યું છે.

# જૂનાગઢના એસપી હર્ષદ મહેતાનું આકસ્મિક રાજીનામું: આધ્યાત્મિક જીવન તરફ પ્રયાણ

**૫૦ વર્ષની ઉંમરે શ્રેષ્ઠ કારકિર્દી છોડી ગ્રામ્ય વિસ્તારમાં સ્થાયી થવાનો નિર્ણય**

જૂનાગઢ, તા.૦૭

જૂનાગઢ જિલ્લા પોલીસ વડા તરીકે ફરજ બજાવતા હર્ષદ મહેતાએ સ્વૈચ્છિક નિવૃત્તિ લેવાનો નિર્ણય કરતા રાજ્યના પોલીસ વિભાગમાં ખળભળાટ મચી ગયો છે. માત્ર ૧૬ મહિના પહેલા જ ૧ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ જિલ્લા એસપી તરીકેનો કાર્યભાર સંભાળનાર મહેતાએ તેમની આગવી કાર્યશૈલીથી ટૂંકા ગાળામાં જ લોકપ્રિયતા મેળવી હતી. અમરેલી જિલ્લાના ચલાલા તાલુકાના વતની હર્ષદ મહેતાની શૈક્ષણિક કારકિર્દી પણ ઉજ્જવળ રહી છે. તેમણે એમ.એ.માં યુનિવર્સિટી



કક્ષાએ ગોલ્ડ મેડલ મેળવ્યા બાદ પ્રોફેસર તરીકેની નોકરી સ્વીકારી હતી. ત્યારબાદ આઈપીએસની પરીક્ષા પાસ કરી પોલીસ સેવામાં જોડાયા હતા. ૫૦ વર્ષની ઉંમરે લીધેલા આ નિર્ણય અંગે હર્ષદ મહેતાએ જણાવ્યું કે, તેઓ હવે ગ્રામ્ય વિસ્તારમાં જઈને આધ્યાત્મિક જીવન જીવવા માંગે છે. એસપી તરીકે ઉત્કૃષ્ટ કામગીરી કરવા છતાં તેમણે લીધેલા આ અણધાર્યા નિર્ણયે સૌને આશ્ચર્યચકિત કરી દીધા છે.

# ઉત્તરાયણ પર્વને સલામત રીતે ઉજવવા અમરેલી વીજ તંત્રની અપીલ

અમરેલી તા.૦૭

અમરેલી વીજ તંત્ર (પીજીવીસીએલ)એ ઉત્તરાયણ પર્વને સલામત અને સાવચેતી પૂર્વક ઉજવવા માટે પતંગ રસિકોને અપીલ કરી છે. અમરેલી વીજ તંત્રએ પતંગ ચગાવતી વખતે જરુરી સાવચેતી રાખવા માટે સૂચનાઓ બહાર પાડી છે, તે મુજબ પતંગ કે દોરી વીજળીના થાંભલા કે તારમાં ફસાઈ જાય તેને લેવા માટે થાંભલા પર ચડશો નહીં, વીજળીના તાર કે કેબલને પણ અડકશો નહીં, વીજળીના વાયર કે તાર ઉપર પડેલા પતંગ લેવા લંગર નાખશો નહીં. ચાઈનીઝ દોરીનો ઉપયોગ કરવો નહીં તેનાથી વીજળીના વાયર કપાઈ શકે છે. જેથી અંધારપટ કે વીજ અકસ્માત પણ થઈ શકે છે. વીજ વાયરો પસાર થતા હોય તેની સાવ નજીકથી પણ પતંગ ઉડાડશો નહીં. આમ, નજીવી કિંમતના પતંગ માટે અનમોલ જિંદગીને જોખમમાં ન મુકાય તે માટે જરુરી ખ્યાલ રાખવા પણ વીજ તંત્રએ અપીલ કરી છે.

# વિંછીયામાં હત્યાની ઘટનામાં પકડાયેલા ૬ આરોપીઓનું પોલીસ દ્વારા રિકન્સ્ટ્રકશન

જસદણ,તા.૦૭

વિંછીયામાં થોરીયાળી ગામના ઘનશ્યામભાઈ રાજપરા નામના યુવાનની થયેલી હત્યાની ઘટનામાં પકડાયેલા આરોપીઓના રિકન્સ્ટ્રકશન સમયે વિંછીયા પોલીસ સ્ટેશન સામે હજારો લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. બાદમાં રોષે ભરાયેલા લોકોએ પોલીસ પર પથ્થરમારો કરતા ભારેલા અગ્નિ જેવી સ્ફોટક સ્થિતિ સર્જાતા પોલીસ



દ્વારા લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો. છતાં લોકોના ટોળા નહી વિખેરાતા પોલીસને ટીયરગેસના સેલ છોડવાની ફરજ પડી હતી. આ ઘટનાને લઈને રાજકોટ જિલ્લાના તમામ તાલુકાઓની પોલીસ ટીમના ધાડેધાડા વિંછીયા ખાતે ઉતારી દેવામાં આવ્યા હતા અને વિંછીયામાં કર્ફ્યુ જેવી સ્થિતિ સર્જાઈ હતી. આ ઘટનાની જાણ થતા રાજકોટ એસ.પી. હિંમકરસિંહ તાત્કાલિક વિંછીયા ખાતે દોડી આવ્યા હતા અને પોલીસ પર પથ્થરમારો કરનારા ૫૨ જેટલા લોકોની અટકાયત કરવામાં આવી હતી. બાદમાં રાજકોટ જિલ્લાના તમામ પોલીસ સ્ટેશન ખાતેથી મોટી સંખ્યામાં પોલીસ કાફલો વિંછીયા ખાતે ઉતારી દેવામાં આવ્યો હતો. આ પથ્થરમારાની ઘટનામાં ૫ જેટલા પોલીસ કર્મીઓ ઈજાગ્રસ્ત થયા હતા.

# આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ પ્રયાગરાજ કુંભમેળામાં કરશે સેવાકીય પ્રવૃત્તિઓ

રાજુલા, તા.૦૭

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદની અમરેલી જિલ્લા શાખા આગામી પ્રયાગરાજ કુંભમેળામાં વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરશે. સંસ્થા દ્વારા મેળામાં ભોજન સેવા ઉપરાંત આરોગ્યલક્ષી સેવાઓ પૂરી પાડવામાં આવશે. આ સેવાકીય પ્રવૃત્તિઓમાં ૧૬ ડૉક્ટરોની ટીમ, જેમાં મહિલા ડૉક્ટરોનો પણ સમાવેશ થાય છે, તેઓ કુંભમેળામાં સેવા આપશે.



વધુમાં, ઈન્ડિયા હેલ્પલાઈનની અમરેલીની એમ્બ્યુલન્સ પણ કુંભમેળા માટે મોકલવામાં આવશે. આ સમગ્ર આયોજન આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ પ્રવીણભાઈ તોગડિયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું છે. સૌરાષ્ટ્ર પ્રાંતના અધ્યક્ષ ગજેરા અને પ્રાંત સંગઠન મહામંત્રી નિર્મળભાઈ ખુમાણના નેતૃત્વમાં આ સેવાઓ પૂરી પાડવામાં આવશે. રાજુલા વિસ્તારમાંથી જિલ્લા ઉપાધ્યક્ષ મહેશભાઈ હિરાણી, તાલુકા અધ્યક્ષ અજયભાઈ વાળા, રાષ્ટ્રીય બજરંગદળના તાલુકા અધ્યક્ષ લાલજીભાઈ અને રાજુલા સિટી પ્રમુખ ઉમેશભાઈ વરુ સહિતના આગેવાનોએ ગજેરા સાહેબને આ સેવાકીય પ્રવૃત્તિઓ માટે ધનરાશિ અર્પણ કરી હતી.

# મુખ્યમંત્રીએ રાજ્યના ૩૨ જેટલા માર્ગો પરનું નેટવર્ક સુધારવા માટે રૂ. ૭૭૯ કરોડ મંજૂર કર્યા

**છેલ્લા બે વર્ષમાં રોડની સુવિધા વધારવા વિવિધ ૨૯૭ કામો માટે કુલ રૂ. ૨૦૮૬ કરોડ મંજૂર કર્યા**

ગાંધીનગર,તા.૦૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નાગરિકોને સલામત, સુરક્ષિત અને સુવિધાસભર રોડ નેટવર્ક પૂરું પાડવા માટે કુલ ૩૨ માર્ગો પર નવા મેજર-માઈનર પૂલોના બાંધકામ માટે રૂ. ૭૭૮.૭૪ કરોડની થયેલી દરખાસ્તને મંજૂરી આપી છે. આ ઉપરાંત માર્ગો પરના સાંકડા પૂલ સ્ટ્રક્ચર પહોળા કરીને લોકોને ટ્રાફિકજામ થવાની સમસ્યાથી મુક્તિ આપવા સહિત જુના અને નબળા હયાત પૂલો, સ્ટ્રક્ચર્સના સ્થાને મેજર-માઈનોર પૂલોના પુનઃ બાંધકામ-મરામત વગેરે કામો પણ હાથ ધરવામાં આવી રહ્યા છે. મુખ્યમંત્રીએ અત્યાર સુધીમાં આવા ૨૬૫ કામો માટે સમગ્રતયા ૧૩૦૭ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. આમ, મુખ્યમંત્રીએ પાછલા બે વર્ષમાં રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુદ્રઢીકરણના વિવિધ ૨૯૭ કામો માટે કુલ ૨૦૮૬ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.

---


**-// તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી.નં.૧૦૩/૨૦૨૪

**પ્રતિ**
શ્રી જીવાભાઈ આલાભાઈ વાજા
રહે.સિંધાજ તાલુકો- કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...અરજદાર
વકીલશ્રી જી.પી.રાઠોડ રહે.કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, સિંધાજ તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ ...સામાવાળા

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના સિંધાજ ગામના રહીશ શ્રી જીવાભાઈ આલાભાઈ વાજા તથા શ્રી જાનુબેન જીવાભાઈ વાજાની પુત્રી શ્રી જશુબેન જીવાભાઈ વાઝાનો જન્મ તા. ૦૧/૦૬/૧૯૭૫ માં કોડીનાર તાલુકાના સિંધાજ ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના સિંધાજ ગામના સને.૧૯૭૫ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૮/૧૨/૨૦૨૪ના રોજ ૦૩:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૩/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યાં.

સહી
(ડી.જી.વરમોરા)
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, કોડીનાર

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**
**રૂબરૂ સુનાવણી**

નં.જન્મ નોંધણી/ અરજી નં.૨૭૬/૨૦૨૫ તા.૦૪/૦૧/૨૦૨૫

અરજદારશ્રી:- .. ૧. ખટાણા મહેશભાઈ નનુભાઈ
રહે. નેસડી તા.સાવરકુંડલા જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:-........ ૧. જન્મ મરણ રજીસ્ટારશ્રી, નગરપાલીકા કચેરી, સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્ર **શકિત મહેશભાઇ ખટાણાનો જન્મ તા.૨૩/૧૧/૨૦૨૦** ના રોજ મુ.તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૧/૦૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાના હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૪/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

**-//મામલતદાર અને એકઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-**
**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૨૯૨/૨૦૨૫ તા.૦૪/૦૧/૨૦૨૫

અરજદારશ્રી:- .. ૧. હડીયા ઘુઘાભાઈ ખીમાભાઈ
રહે. મુ.ગોરડકા તા.સાવરકુંડલા જી.અમરેલી

**-//વિરૂધ્ધ//-**

સામાવાળા:-........ ૧. તલાટી કમ મંત્રીશ્રી ગોરડકા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રીની પુત્રી **હડિયા દિક્ષિતા ઘુઘાભાઇનો જન્મ તા.૨૮/૦૬/૨૦૧૩** ના રોજ મુ. ગોરડકા તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૧/૦૧/૨૦૨૫ ના રોજ ૧૧:૦૦ કલાકે મામલતદાર અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર- પુરાવા રજુ કરવાનાં હોય, અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૪/૦૧/૨૦૨૫ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

સહી.
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા

**રાજુલાના મહે. તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું.રાજુલા**

અરજદાર.. બાબુભાઈ ભગવાનભાઈ કવાડ જન્મ અરજી નં.૪૮૬/૨૦૨૪
ઉ.વ.૬૪, ધંધોઃ-ખેતી, ધર્મેઃ-હિન્દુ,
રહે. હિંડોરણા, તા.રાજુલા, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા... જન્મ - મરણ નોંધણી અધિકારી શ્રી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મું.હિંડોરણા, તા.રાજુલા, જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામા આવે છે કે, અમરેલી જિલ્લાના રાજુલા તાલુકાના હિંડોરણા ગામના વતની શ્રી બાબુભાઈ ભગવાનભાઈ કવાડ અરજદારે તેમની પુત્રી શ્રી મનિષાબેન બાબુભાઈ કવાડની જન્મ તા.૦૧/૦૬/૨૦૦૨ છે. જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી. વી.બી.ભીલ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખઃ ૧૬, માહે, ડિસેમ્બર, સને.૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળઃ- રાજુલા
તારીખઃ-૧૬/૧૨/૨૦૨૪
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૨૪૧/૨૦૨૪
અરજદારઃ- શ્રી શિયાળ સોનાબેન રવજીભાઈ
સરનામુંઃ- મું.શિયાળબેટ, તા.જાફરાબાદ, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળાઃ- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - શિયાળબેટ
મું.શિયાળબેટ, તા.જાફરાબાદ, જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના શિયાળબેટ ગામના શ્રી શિયાળ સોનાબેન રવજીભાઈ એ તેમના (૧) પુત્ર નામે શ્રી શિયાળ જીગરભાઈ રવજીભાઈ નો જન્મ તા.૨૦/૧૧/૨૦૧૨ (૨) પુત્ર નામે શ્રી શિયાળ જગદીશભાઈ રવજીભાઈનો જન્મ તા.૨૯/૦૪/૨૦૧૪ (૩) પુત્ર નામે શ્રી શિયાળ જિતેશભાઈ રવજીભાઈનો જન્મ તા.૩૦/૦૫/૨૦૧૫નાં રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી વી.બી.ભીલ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૨૪, માહે. ડીસેમ્બર, સને.૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળઃ- જાફરાબાદ
તારીખઃ-૨૪/૧૨/૨૦૨૪
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - જાફરાબાદની કોર્ટમાં**

જન્મ/મરણ અરજી નં.૨૪૦/૨૦૨૪
અરજદારઃ- શ્રી શિયાળ દેવશીભાઈ અરજણભાઈ
સરનામુંઃ- મું.મોટામાણસા, તા.જાફરાબાદ, જી.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળાઃ- જન્મ - મરણ નોંધણી રજીસ્ટાર અને
તલાટી કમ મંત્રીશ્રી - મોટામાણસા
મું.મોટામાણસા, તા.જાફરાબાદ, જિ.અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના મોટા માણસા ગામના શ્રી શિયાળ દેવશીભાઈ અરજણભાઈ એ તેમની (૧) પુત્રી નામે શિયાળ પાયલબેન દેવશીભાઈ નો જન્મ તા.૦૨/૦૨/૨૦૦૨ (૨) પુત્રી નામે શ્રી શિયાળ દયાબેન દેવશીભાઈનો જન્મ તા.૦૩/૦૧/૨૦૦૪ (૩) પુત્રી નામે શ્રી શિયાળ કાજલબેન દેવશીભાઈ નો જન્મ તા.૦૫/૦૨/૨૦૦૬ ના રોજ જન્મ થયા અંગેની નોધ કરાવવા તેમના વકીલ શ્રી વી.બી.ભીલ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ.૨૪, માહે.ડીસેમ્બર, સને.૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળઃ- જાફરાબાદ
તારીખઃ-૨૪/૧૨/૨૦૨૪
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
જાફરાબાદ

**રાજુલાના મહે. તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મું.રાજુલા**

અરજદાર.. ગુજરીયા મહેશભાઈ મંગાભાઈ મરણ અરજી નં.૪૮૮/૨૦૨૪
ઉ.વ.-૨૧, ધંધોઃ-મજુરી, ધર્મેઃ-હિન્દુ,
મું.રાજુલા, તા.રાજુલા,
રહે. હાલ.ઉના, તા.ઉના, જી.ગીર સોમનાથ

**વિરૂધ્ધ**

સામાવાળા... જન્મ - મરણ નોંધણી અધિકારી શ્રી
-વ-
ચીફ ઓફીસર સાહેબ, રાજુલા નગરપાલીકા કચેરી,
મુ.રાજુલા, તા.રાજુલા, જિ.અમરેલી,

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામા આવે છે કે, અમરેલી જિલ્લાના અમરેલી તાલુકાના રાજુલા ગામના વતની શ્રી ગુજરીયા મહેશભાઈ મંગાભાઈ અરજદારે તેમના પિતા સ્વ.ગુજરીયા મંગાભાઈ માવજીભાઈનું અવસાન તા. ૧૨/૧૧/૨૦૦૮ નારોજ મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી વી.બી.ભીલ મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે. તો આ કામના સામાવાળા મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખઃ ૧૬, માહે, ડિસેમ્બર, સને.૨૦૨૪ નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

સ્થળઃ- રાજુલા
તારીખઃ-૧૬/૧૨/૨૦૨૪
કોર્ટનો સિક્કો
સહી
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

### અમરેલીના રાજકમલ ચોકમાં એક દિવસના ઉપવાસ કરશે

# લેટરકાંડ મુદ્દે પૂર્વ વિપક્ષ નેતા પરેશ ધાનાણી આક્રમક મુડમાં : ૨૪ કલાકનું અલ્ટીમેટમ

**આજે સાંજે ૬ કલાકે રાજકમલ ચોકમાં જાહેર ચર્ચાનો પડકાર**

અમરેલી, તા.૦૭

અમરેલીમાં નકલી લેટરકાંડમાં પાટીદાર દીકરી પાયલ ગોટીની ધરપકડનો વિવાદ અને ત્યારબાદ તેને ન્યાય અપાવવા માટે જુદા જુદા રાજકીય અને સામાજીક આગેવાનોએ પ્રયત્ન કર્યા બાદ પૂર્વ વિપક્ષ નેતા પરેશભાઈ ધાનાણીએ પણ આ મુદ્દે આક્રમક વલણ અપનાવી જવાબદાર લોકો સામે કાર્યવાહી કરવા મેદાનમાં ઝંપલાવ્યું છે. છેલ્લા કેટલાક સમયથી પારિવારીક કારણોસર રાજકારણમાંથી દુર રહેલા



પરેશભાઈ ધાનાણીએ આ મુદ્દે પત્રકાર પરિષદ યોજી હતી અને તેમાં પાયલ ગોટી પર થયેલા અત્યાચારોને વખોડી કાઢયા હતા. અને રાત્રીનાં સમયે ધરપકડ અને માર મારવાની ઘટનામાં સામેલ અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવા મુખ્યમંત્રી અને નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાને રજૂઆત કરી છે. ગુજરાતની કોઈપણ દીકરીને કોઈપણ દ્વારા કયારેય પણ અન્યાય ન થાય તે માટે તેમણે જવાબદારો સામે નિષ્પક્ષ તપાસની માંગ પણ કરી છે. ઘટનાની ચર્ચા કરવા તેમણે સાંજે ૬ કલાકે રાજકમલ ચોકમાં જાહેર ચર્ચા કરવા માટે અમરેલીનાં ધારાસભ્યને પડકાર પણ ફેંકયો છે. ૨૪ કલાકમાં જો આરોપીઓને સસ્પેન્ડ કરવામાં નહીં આવે તો ગુરૂવારે સવારે ૧૦ કલાકે રાજકમલ ચોકમાં એક દિવસનાં ઉપવાસ કરવાની પણ તેમણે જાહેરાત કરી છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, જો આટલું કર્યા બાદ પણ સરકાર દ્વારા યોગ્ય પગલા લેવામાં નહીં આવે તો આ લડાઈ શેરીઓ સુધી લઈ જવામાં આવશે.

**સાંજના સમયે મેડિકલ ચેક-અપ માટે લઈ જવાતા અટકાવ્યા**

અમરેલી લેટરકાંડમાં પાયલ ગોટીને માર મારવાની ઘટનામાં એસ.આઈ.ટી.ની રચના થયા બાદ પીડિતાને મેડિકલ ચેકઅપ માટે પરિવારની મંજૂરીથી અમરેલી લઈ જવાઈ રહ્યાં હતા. ત્યારે આ ઘટનાની જાણ થતાં પૂર્વ વિપક્ષ નેતા પરેશભાઈ ધાનાણી તાત્કાલિક રસ્તામાં પહોંચી ગયા હતા તથા દિવસના સમયે મેડિકલ ચેક-અપ કરવા જણાવ્યું હતું. ફતેપુર પાસેથી પાયલને ઘરે પરત મોકલવા કહ્યું હતું. પોલીસે ઘટનાની ગંભીરતા સમજી તાત્કાલિક પાયલ ગોટીને ઘરે પરત મોકલી આપ્યા હતા.

## અમદાવાદમાંથી રિક્ષામાં બેસાડીને પેસેન્જરોના દાગીના ચોરી લેતી ટોળકી પોલીસના હાથે ઝડપાઈ

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૦૭

વૃદ્ધ મહિલાઓને રિક્ષામાં બેસાડી સોનાના દાગીના ચોરી કરતી ટોળકી ઝડપાઈ છે. ક્રાઈમ બ્રાન્ચે મહિલા સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરી ૯ ગુનાનો ભેદ ઉકેલ્યો છે. કુલ ૧૦ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે. મહત્વનું છે કે છેલ્લા ૨ મહિનામાં જ નવ જેટલા ગુનાને અંજામ આપી ટોળકીએ અમદાવાદ છોડી દીધું હતું. પરંતુ વધુ ગુનાને



અંજામ આપવા આવતા ટોળકી ઝડપાઈ હતી. આ ટોળકી વૃદ્ધ મહિલા અને અશક્ત લોકોને રિક્ષામાં બેસાડી તેમના સોનાના દાગીના કાપી ચોરી કરતી હતી. ચોરી કરતી આ ટોળકીના તમામ આરોપીઓની એક ખાસ આવડત હતી. જેમાં સલમાન ઓછી અવરજવર વાળા રસ્તા પસંદ કરતો અને ત્યાં રીક્ષા ચલાવતો હતો. આશા દેવીપૂજક કટર વડે દાગીના કાપી છુપાવી દેતી હતી તો વિક્રમ દંતાણી ભોગ બનનારને વાતોમાં રાખી તેનું ધ્યાન ભટકાવતો અને ચોરીને અંજામ આપી ગણતરીની મિનિટોમાં જ અમદાવાદ છોડી મહેમદાબાદ ભાગી જતા હોવાનું સામે આવ્યું છે.

## અમરેલી લેટરકાંડમાં નિતનવા વળાંકો પોલીસે કુરીયરનાં વીડિયો ફૂટેજ જાહેર કર્યા

અમરેલી, તા.૦૭

અમરેલી નકલી લેટરકાંડ પ્રકરણમાં દરરોજ નિતનવા વળાંકો આવી રહ્યા છે. સરકાર દ્વારા પાયલ ગોટીનું નામ આરોપીમાંથી રદ કરવા પ્રક્રિયા નકાર્યા બાદ આજે પોલીસે પાયલ ગોટી જે કુરીયરમાં કુરીયર કરવા ગયા હતા તેના સીસીટીવી ફુટેજ જાહેર કર્યા છે. જેમાં વાતચીત દરમિયાન કમલમ અને જુદી-જુદી જગ્યાએ કુરીયર કર્યા હોવાનું સામે આવ્યું છે. અને મનિષ વઘાસીયા સાથે થયેલી વ્હોટસએપ ચેટીંગ ડીલિટ હોવાની હકીકત પણ પોલીસે રજૂ કરી છે. જો કે બની શકે કે કુરીયર કરવાનું પણ મનિષ વઘાસીયાએ કહ્યું હોય. બીજી એક ઘટનામાં અલગ અલગ બે વખત કોર્ટમાં હાજર રહ્યાં હતા ત્યારે કોર્ટમાં તેમની સામે આરોપીઓને માર માર્યાની કોઈ ફરિયાદ ન હોવાનું કોર્ટમાં લેખિતમાં આપ્યું છે તે પત્ર પણ પોલીસે મીડિયા સમક્ષ રજૂ કર્યો છે. આમ આ ઘટનાક્રમમાં દરરોજ કંઈકને કંઈક નવા કિસ્સાઓ ઉમેરાઈ રહ્યા છે.

## રાજયમાં તીવ્ર શીત લહેર, અનેક જિલ્લાઓમાં તાપમાન ૮ ડિગ્રીની નીચે

(એચ.એસ.એલ),અમદાવાદ,તા.૦૭

ગુજરાતમાં ફરીથી ઠંડીનો રાઉન્ડ શરૂ થયો હોય તેવો અનુભવ થઈ રહ્યો છે. હવામાન વિભાગની આગાહી અનુસાર રાજ્યમાં કડકડતી ઠંડી પડે તેવી સંભાવના છે. આગામી ૪૮ કલાકમાં શીત લહેરની આગાહી કરવામાં આવી છે. ત્યારે હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે ગુજરાતના અનેક જિલ્લાઓમાં શીત લહેરની આગાહી કરી છે. મહેસાણા, પંચમહાલ, સાબરકાંઠામાં શીત લહેરની શક્યતા છે. જ્યારે સૌરાષ્ટ્ર અને કચ્છમાં જોરદાર ઠંડી પડવાની આગાહી કરી છે. હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીએ પોતાની સોશિયલ મીડિયા ચેનલ પર



ગુજરાતના હવામાન અંગેની આગાહી કરી છે. જેમાં તેમણે જણાવ્યું છે કે, "શનિવાર સુધીમાં ગુજરાતના કોઈપણ ભાગમાં માવઠાની શક્યતાઓ નથી. એટલે કોઈ ખેડૂત મિત્રોએ ચિંતા કરવાની જરૂર નથી. આ સાથે તેમણે જણાવ્યું કે, "બે દિવસથી પવનમાં વધારો નોંધાઈ ચૂક્યો છે. હાલ પવનની સ્પીડ સામાન્ય કરતાં વધારે ચાલી રહી છે. ૧૪થી ૧૮ કિમીની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો છે.




## રાજકોટમાં અશ્લીલ વીડિયો બતાવી વિદ્યાર્થિનીની છેડતી કરનાર શિક્ષક વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ

**ઘટનાની તપાસ માટે પાંચ સભ્યોની તપાસ ટીમની રચના કરાઈ**

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૦૭

રાજકોટમાં કુવાડવામાં બેડી વાછકપર ગામની શાળામાં લંપટ શિક્ષકે અશ્લીલ વીડિયો બનાવી વિદ્યાર્થિનીની છેડતી કરી હતી. જેથી શિક્ષક વિરૂદ્ધ પોલીસ ફરિયાદ કરવામાં આવી છે. પોલીસે પોક્સો અંતર્ગત ફરિયાદ નોંધી છે. કુવાવડા ગામે શિક્ષક કમલેશ અમૃતિયાએ ધોરણ ૫ની વિદ્યાર્થિનીને ન્યૂડ વીડિયો બતાવી છેડતી કરી હતી. બેડી વાછકપર ગામમાં શિક્ષકે અશ્લીલ હરકતો કરતા બાળકી ડઘાઈ ગઈ હતી. આ મામલે માતાપિતા, ગ્રામજનોને માલૂમ પડતા ૫ સભ્યોની તપાસ ટીમની રચના કરાઈ છે. શિક્ષક વિરૂદ્ધ ડીઈઓ દિક્ષિત પટેલે નિવેદન આપ્યું છે, તપાસ કમિટી બનાવી સખ્ત કાર્યવાહી કરાશે. ગ્રામજનો, શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થિનીઓના નિવેદન લેવાશે. અગાઉ મહીસાગરમાં એક લંપટ શિક્ષકે વિદ્યાર્થિનીની છેડતી કરતા ચકચાર મચી ગઈ હતી અને લોકોનો રોષ ફાટી નકળ્યો હતો. મહીસાગરના વીરપુર ખાતે છેડતીનો આ બનાવ બન્યો હતો. જેમાં વીરપુર ગામના રણજીતપુરા ગામની સ્કૂલમાં આ અઘટિત ઘટના બની હતી.

## સુરતમાં ગેસ સિલિન્ડરમાં બ્લાસ્ટ થતાં પાંચ લોકો દાઝ્યા : ૨ બાળકની હાલત ગંભીર

સુરત,તા.૦૭

ગુજરાતમાં કેટલીક વાર ગેસ સિલિન્ડરમાં બ્લાસ્ટ થયાની ઘટના સામે આવતી હોય છે. ત્યારે સુરતના પૂણા ગામમાં વહેલી સવારે ગેસની બોટલમાં બ્લાસ્ટ થયાની ઘટના બની છે. પૂણા ગામમાં રાધાકૃષ્ણ સોસાયટીના એક મકાનમાં ગેસના બાટલામાં બ્લાસ્ટ થયો હતો. જેમાં ૫ લોકો દાઝ્યાં છે. આગ લાગતા જ સ્થાનિકોએ ફાયર વિભાગને જાણ કરી હતી. ઘટનાની જાણ થતા તાત્કાલિક ધોરણે ફાયર વિભાગ અને પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હતો. ત્યારબાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. ઈજાગ્રસ્તોને સારવાર માટે સ્મીમેર બાદ કિરણ હોસ્પિટલ ખસેડાયા છે. ઈજાગ્રસ્તોમાં દંપતી અને તેમના ૩ બાળકોનો સમાવેશ થયો છે. ઉલ્લેખનીય છે કે જેના ઘરમાં બ્લાસ્ટ થયો તે પરિવારનો મોભી ઓટો રિક્ષા ચાલક છે. વહેલી સવારે જે બ્લાસ્ટ થયો હતો તેના કારણે સ્લેબની સીલીંગ તૂટી પડી હતી. જેના કારણે પરિવારના ૨ બાળકોની હાલત ગંભીર છે.




## રાજ્યમાં સૌથી વધુ ૧૩.૪૨ લાખ હેક્ટરમાં ઘઉં પાકનું રેકોર્ડબ્રેક વાવેતર : કૃષિ મંત્રી રાઘવજી પટેલ

ગાંધીનગર,તા.૦૭

ગુજરાતના ખેડૂતોએ ચાલુ સિઝનમાં રવિ પાકોનું પુષ્કળ વાવેતર કર્યું છે. સિઝનના સારા વરસાદ અને ગત વર્ષે ખેડૂતોને રવિ પાકના રેકોર્ડબ્રેક ભાવ મળવાને પરિણામે આ વર્ષે વાવેતરમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં જ ખેડૂતોએ ૪૭.૫૫ લાખ હેક્ટર વિસ્તારમાં રવિ પાકોનું વાવેતર કર્યું છે. રાજ્યના કેટલાક વિસ્તારોમાં હજુ પણ રવિ પાકોનું વાવેતર ચાલુ હોવાથી વાવેતરનો આંકડો



વધવાની સંપૂર્ણ સંભાવના છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૧૩.૪૨ લાખ હેક્ટર વિસ્તારમાં ઘઉંનું રેકોર્ડબ્રેક વાવેતર નોંધાયું છે. જે ગત વર્ષની સરખામણીએ ૧૦૯ ટકા જેટલું છે. તેમ કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું.







